# ગુજરાતના કચ્છના પર્યાવરણને લક્ષમાં રાખી સ્થાનિક જીવનનિર્વાહને વધુ સક્ષમ બનાવવાની યોજના

શીબા દેસોર

નવેમ્બર ૨૦૧૪





ભારતમાં વૈકલ્પિક તથા દૂરગામી કાર્યપદ્ધતિઓની યોજના:  દસ્તાવેજી નોંધ, પારસ્પરિક સંકલન તથા હિમાયત

હેનરિક બોલ ફાઉન્ડેશન , નવી દિલ્હીના નેજા હેઠળની યોજના

**અવતરણો:** દેસોર, એસ. (૨૦૧૪). ગુજરાતના કચ્છના પર્યાવરણને લક્ષમાં રાખી સ્થાનિક જીવનનિર્વાહને વધુ સક્ષમ બનાવવાની યોજના. પૂણે, મહારાષ્ટ્ર: કલ્પવૃક્ષ.

**લેખિકા:** શીબા દેસોર

**ગુજરાતી ભાષાંતર:** રૂપા મજમુદાર

**પ્રકાશક:**
કલ્પવૃક્ષ
૫, શ્રી દત્ત કૃપા, ૯૦૮, ડેક્કન જિમખાના, પૂણે ૪૧૧૦૦૪
www.kalpavriksh.org

**પ્રથમ મુદ્રણ:** નવેમ્બર, ૨૦૧૪

**મુખપૃષ્ઠ:** કાંકરેજના પશુ; કચ્છના હોડકા નજીક આવેલી બન્નીની જમીન પર પોતાની ભેંસો સાથે માલધારીઓ (ગોવાળો)

**કાનૂની માલિકીહક્ક:** આ લખાણ પર કોઈ પ્રકારનો માલિકીહક્ક નથી. કથાવસ્તુમાં ફેરફાર કર્યા વિના કોઈ પણ તેમાંથી ઉતારો લઇ શકે છે, ભાષાંતર કરી શકે છે તેમ જ તેનો પ્રસાર કરી શકે છે. અમારી માત્ર એટલી વિનંતી છે કે મૂળ લખાણને માન્યતા આપવી તેમ જ એને જ્યાં પ્રસિદ્ધ કર્યું હોય અથવા એનું ભાષાંતર કર્યું હોય તેની નકલ અમને આપવી.

આ સર્વેક્ષણ હેનરિક બોલ ફાઉન્ડેશન, ભારત,ના નેજા હેઠળ હાથ ધરાયેલી યોજના "ભારતમાં વૈકલ્પિક તથા દૂરગામી કાર્યપદ્ધતિઓની યોજના: દસ્તાવેજી નોંધ, પારસ્પરિક સંકલન તથા હિમાયત"ના ફળસ્વરૂપ છે. પર્યાવરણની દ્રષ્ટિએ ટકાઉ, સામાજિક રીતે વ્યવસ્થિત અને ન્યાયપૂર્ણ, સીધી લોકશાહી તથા આર્થિક લોકશાહીનું પ્રત્યક્ષીકરણ કરવા ભારતમાં વૈકલ્પિક માળખા તથા કાર્યપદ્ધતિ શોધવાના બહોળા કાર્યનો આ એક ભાગ છે. આને વિષે વધુ જાણકારી માટે જુઓ www.vikalpsangam.org આ વિષય પર ચર્ચા કરવા માટે કાર્યકર્તાઓની સૂચિમાં જોડાવા માટે www.anurivelihoods@gmail.com પર સંપર્ક કરો.

**ડીઝાઇન અને આલેખન:** તાન્યા મજમુદાર

# અનુક્રમ


૧. પ્રાસ્તાવિક ........ 1
૧.૧. સંદર્ભ ........ 1
૧.૨. સર્વેક્ષણ અંગે ........ 5
૧.૨.૧. કેન્દ્રસ્થાન ........ 5
૧.૨.૨. માળખું ........ 5
૧.૨.૩. પ્રક્રિયા ........ 5
૧.૨.૪. અપૂર્ણતા ........ 6
૨. પ્રારંભિક પ્રયાસોનો અભિગમ ........ 6
૨.૧. પ્રારંભિક પ્રયાસો વિષે: ........ 7
૨.૧.૧. પૃષ્ઠભૂમિ ........ 7
૨.૧.૨. પ્રારંભિક પ્રયાસોમાં શું કરવામાં આવે છે ........ 8
૨.૨. પ્રારંભિક પ્રયાસોનું વિસ્તૃત વિવરણ ........ 9
૨.૨.૧. ખેતીવાડી ........ 9
૨.૨.૨. પશુ-ઉછેર તથા ગોપાલકો ........ 16
૨.૨.૩. હસ્તકળામાં પ્રારંભિક પ્રયાસ ........ 24
૩. કઠિન પડકારો ........ 27
૩.૧. શિક્ષણ ........ 27
૩.૨. પ્રચલિત નીતિઓ ........ 28
૩.૩. ઔદ્યોગિકરણનાં પરિબળો ........ 29
૩.૪. વ્યાપારી પરિબળો ........ 29
૪. ઉપસતાં મૂલ્યો ........ 30
૪.૧. વિકેન્દ્રીકરણ ........ 31
૪.૨. હક્કોની સાથોસાથ જવાબદારી ........ 31
૪.૩. પર્યાવરણ સંબંધી પ્રશ્નો અંગે કાર્યક્ષેત્રોને વાકેફ કરવા ........ 31
૪.૪. સંબંધિત પરિસ્થિતિ અને વિવિધતા ........ 31
૪.૫. આર્થિક વિકાસને બદલે સારું વાતાવરણ ........ 31
૫. બહોળા સૂચિત અર્થો ........ 32

# ઋણાનુસ્વીકાર

પ્રદેશના કરેલા પ્રવાસો દરમ્યાન 'કચ્છ નવ નિર્માણ અભિયાન'ના સભ્યો તેમ જ સ્થાનિક જાતિઓના સભ્યો સાથે ગોઠવાયેલી મુલાકાતોમાં એમણે આપેલી માહિતી માટે લેખિકા એ સૌનો આભાર માને છે. તેઓ ખાસ કરીને ભુજના 'સહજીવન'ના સભ્યો સવ્યસાચિ દાસ, પંકજ જોશી, રમેશ ભટ્ટી, સંદીપ વિરમાણી, સુષમા આયંગર, કિરણ પટેલ અને મમતા પટેલ, તેમ જ 'સાત્વિક'ના શૈલેશ વ્યાસ અને રમેશ મકવાણા, 'કાબરાઉ સેતુ'ના જૂથ સંકલનકર્તા  ખીમજી કંથીચા, આદેસર સેતુના દેવશી પરમાર અને નારાયણ માટલિયા તથા એસ.જે.એસ.ના ઇકબાલ ગાંચીએ આપેલાં સૂચનો તેમ જ માહિતી માટે ઊંડા આભારની લાગણી દર્શાવે છે. 'ખમીર'ના મીરા ગોરડિયા અને ઘતિત લહેરુએ આપેલી માહિતી માટે પણ તેઓ ઘણા આભારી છે. અહેવાલ પર વિગતવાર ટીપ્પણી કરવા તથા સર્વેક્ષણ અંગે સમગ્રતયા માર્ગદર્શન આપવા બદલ લેખિકા આશિષ કોઠારીના આભારી છે. વિનય નાયરે કરેલી વિચારલક્ષી ચર્ચાઓ તથા ભાષાંતરમાં કરેલી સહાયતા માટે, તેમ જ આદમ કાજકાએ આ અહેવાલ માટે આપેલી માહિતી માટે લેખિકા તેમનો આભાર માને છે.

# ૧. પ્રાસ્તાવિક

## ૧.૧. સંદર્ભ

ગુજરાતમાં આવેલું કચ્છ જમીનની ઘણી વિવિધતા ધરાવે છે; ઉત્તરમાં બન્નીના ઘાસિયા મેદાન તથા મીઠાયુક્ત સપાટ જમીન છે (રણ), જ્યારે ભુજનો ઊંચાણવાળો ભાગ પૂર્વથી પશ્ચિમ સુધી ૪૦૦ મીટરના વિસ્તારમાં પથરાયેલો છે. સમગ્ર વિશ્વમાં આ જ એક એવો સૂકો પ્રદેશ છે જેના કિનારાને અડોઅડ દરિયાઈ ચેરિયાનાં જંગલ છે. રણનું પર્યાવરણ અનોખું છે, વર્ષના અમુક સમય દરમ્યાન ત્યાં પાણીની રેલમછેલ હોય છે અને બાકીના સમયે સમગ્ર પ્રદેશ તદ્દન સૂકો બની જાય છે. અને દેશનો આ એકમાત્ર વિસ્તાર છે જ્યાં ફ્લેમિંગો વંશવૃદ્ધિ કરવા આવે છે તેમ જ પૃથ્વી પરના જંગલી ગધેડાની પ્રજાતિ ભારતીય જંગલી ગધેડાનું આ આશ્રયસ્થાન છે. કાંટાળા જંગલોવાળા ભુજના ઊંચાણવાળા ભાગમાં જિલ્લાની સૌથી ગીચ વસ્તી છે. પર્યાવરણની આ વિવિધતાને પરિણામે કચ્છના લોકોએ જીવનની વિવિધ શૈલીઓ અપનાવી છે, જેમાં, વરસાદ-આધારિત ખેતી, ઘાસિયા મેદાન, માછીમારી, મીઠું પકવનાર અગરિયા કે વિભિન્ન કલાની આવડતવાળા કારીગરોને લગતી જીવનશૈલી ધરાવતી ૩૮ જાતિઓ સુમેળથી વસે છે.

છેલ્લા કેટલાક દાયકા દરમ્યાન ભારતની જીવનશૈલીમાં આવેલા સામાજિક તથા આર્થિક બદલાવનો તેમ જ વિશાળ ફલક ધરાવતી સરકારી નીતિઓનો પ્રભાવ કચ્છની જમીનના ઉપયોગ તેમ જ તેની જીવનશૈલી પર ઉત્તરોત્તર વધતો રહ્યો છે. અન્યત્ર મળેલી માહિતીને આધારે કચ્છની જમીનના ઉપયોગના કેટલાક તાજેતરના બદલાવની સૂચિ બૉક્સ ૧માં વર્ણવી છે. આ સૂકા પર્યાવરણની મહત્તા તેમ જ તેના વિનાશને પરિણામે થનારા સંભવિત નુકસાન પરત્વે બિલકુલ લક્ષ ન આપી આ જમીનને 'બિન-ફળદ્રુપ' લેખાવી અહીં ઔદ્યોગિકરણ કરવા પર ખૂબ ભાર મૂકવામાં આવી રહ્યો છે. ૨૦૦૧ના ભૂકંપને પરિણામે કચ્છમાં જ ૧૨,૦૦૦ લોકોએ જાન ગુમાવ્યા તેમ જ ભુજ શહેર નષ્ટ પામ્યું તે પછી કચ્છમાં ઉદ્યોગોના વિકાસને વધુ પ્રોત્સાહન આપવા કરમાં રાહત આપવામાં આવી. ખેતી તથા દૂધના ઉત્પાદનોના



*કચ્છના પ્રદેશમાં આવેલા મીઠાના અગરો તથા ઝીંડવાનાં જંગલો*

વેચાણની સુવિધા વધતાં ખેતીવાડી તેમ જ પશુપાલન બંને પ્રવૃત્તિમાં વેગ આવ્યો. પર્યાવરણની દ્રષ્ટિએ, જાળવણી ન થાય એવી વધુ ને વધુ જમીન મેળવી તેનો ઉપયોગ નિર્જીવ ખેતી તથા ઉદ્યોગો માટે કરવામાં આવે છે. અને એ જ રીતે, 'પ્રોસોપીસ જુલીફ્લોરા' નામે ઓળખાતા નિર્બંધપણે બધી જગ્યાએ પથરાતા છોડ જમીન પર ફેલાઈ રહ્યા છે. ઔદ્યોગિકરણ તથા શહેરીકરણ આધુનિક જીવનશૈલી ઉજાગર કરી રહ્યા છે. એના પ્રતિભાવરૂપે, સમાજની અંદર પૈસાનું મહત્વ વધી રહ્યું છે તેમ જ બહારથી નવી તકો તથા નવાં જોખમો ઊભાં થઇ રહ્યાં છે. સામાજિક-આર્થિક બદલાવ ઉપરાંત આના પરિણામ સ્વરૂપ પર્યાવરણની ગંભીર સમસ્યાઓ ઊભી થઇ રહી છે, જે જળાશયોના દુરુપયોગ તેમ જ ચેરિયાનાં જંગલ, રણ તથા ઘાસિયા જમીનના પર્યાવરણના નાશને લગતી છે.

નોંધપાત્ર બાબત એ છે કે કચ્છ જેવા પ્રદેશમાં સિંચાઈ-આધારિત નિર્જીવ ખેતી તેમ જ ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપતા બદલાવના આ પ્રયત્નો (અથવા વિકાસ માટેનાં સૂચનો) એવા લોકો દ્વારા કરવામાં આવે છે જેમને પર્યાવરણ તથા સામાજિક-સાંસ્કૃતિક પરિબળો અંગે ઓછી સભાનતા છે. આ સૂચનો ખર્ચાળ તેમ જ લાંબુ ન ટકે એવા તથા કચ્છના પર્યાવરણની અને સ્થાનિક જીવનશૈલીની અવગણના કરનારા છે. સ્થાનિક પરિસ્થિતિ અંગેનું જ્ઞાન તથા અહીં પ્રવર્તતા કૌશલ્ય અને પર્યાવરણની પરિસ્થિતિ પર નિર્ભર હોય એવા સ્થાનિક સૂચનોને પ્રોત્સાહન આપવાનું ભાગ્યે જ બન્યું છે.

આમ છતાં, આની સાથોસાથ અન્ય માર્ગો અપનાવવાના પ્રયાસો પણ થયા છે. ૧૯૮૫-'૮૭ દરમ્યાન કચ્છને લગાતાર ૩ વર્ષ સુધી દુષ્કાળનો સામનો કરવો પડ્યો, જેને પરિણામે પશુધન, જીવનનિર્વાહ તેમ જ જમીન પર ભારે અસર પહોંચી. આ સમય દરમ્યાન પરંપરાગત ભરતકામની વસ્તુઓનું વેચાણ ચિંતાજનક હદે ઓછું થઇ ગયું તથા તેનો દુરુપયોગ પણ થયો, અને કેટલાક ભરતકામ પર આધારિત નવા સાહસો પણ અસ્તિત્વમાં આવ્યા. આ પરિસ્થિતિને અનુલક્ષીને હસ્તકળા, ખાસ કરીને ભરતકામ થકી સ્ત્રીઓના સશક્તિકરણ અને જીવનનિર્વાહની સલામતીને લક્ષમાં રાખી 'કચ્છ મહિલા વિકાસ સંગઠન' (કે.એમ.વી.એસ.) નામની સંસ્થાની રચના થઇ. ભરતકામ દ્વારા જીવનનિર્વાહ માટે અન્ય વિકલ્પ ઊભો કરવાના ઉદ્દેશથી ૧૯૮૯માં 'સંગઠન'ની રચના થઇ તે સાથે જ ખેતીવાડી તેમ જ તેને સંબંધિત પશુઉછેર જેવાં અન્ય કાર્યોથી ગ્રામ્ય સ્તરે પર્યાવરણના માપદંડથી ટકી શકે એવી જીવનનિર્વાહની ખાતરી પૂરી પડતા કાર્યોનો પ્રશ્ન અને તેની જરૂરિયાત સૌના ધ્યાન પર આવી. કે.એમ.વી.એસ.નું કાર્યક્ષેત્ર, એને લગતા અન્ય પ્રશ્નો ઊભા થતાં તેમ જ તેની જરૂરિયાત સમજાતાં, અન્ય ઘણાં ક્ષેત્રોમાં ફેલાવા માંડ્યું.

૧૯૯૨માં, પાણીના સંગ્રહસ્થાનના વિકાસ જેવા કાર્ય દ્વારા સ્ત્રીઓનું જૂથ પર્યાવરણને પુન: સ્થાપિત કરવાના કાર્યમાં સક્રિય બન્યું. આની પાછળનો ઉદ્દેશ એ દર્શાવવાનો હતો કે સ્થાનિક ધોરણે પાણીની સમસ્યા હલ કરી શકાય એમ છે. એને માટે હંમેશા બોરવેલ પર કે અન્ય સ્થળેથી નહેર દ્વારા પાણી લાવવાની જરૂર નથી (કારણ કે એ સમયે નર્મદાનું પાણી કચ્છમાં લાવવાના મુદ્દાને હકારાત્મક 'વિકાસલક્ષી સૂચન' તરીકે આગળ ધરવામાં આવતો હતો). પાણીના સંગ્રહ તથા પર્યાવરણના પુન: સ્થાપનાના પ્રયત્નો સફળ ન થઈ શકે જો એની સાથે સાથે જ નિર્જીવ તથા વધુ પાણી માગી લેતી ખેતી ચાલુ રાખવા તરફ પગલાં ભરવામાં આવે. આ સમજદારીને પરિણામે, સજીવ

ખેતીને પ્રોત્સાહન આપવાના પ્રયત્નો પણ સાથોસાથ થવા માંડ્યા. આના ફળસ્વરૂપ, સમગ્ર કચ્છમાં સજીવ ખેતીને અપનાવતા ખેડૂતોનું સંગઠન રચવાનો પ્રારંભ થયો, જે સન ૨૦૦૦ની સાલમાં કાયદેસર રીતે 'કચ્છ સજીવ ખેતી મંચ'ના નામે ઓળખાયું અને આગળ જતાં એનું નામ 'સાત્વિક' પડ્યું. ૧૯૯૭માં 'સહજીવન' નામની સ્થાનિક વાતાવરણને અનુરૂપ સંસ્થાની રચના થઇ જેણે શરૂઆતમાં પશુધન (બન્નીની ભેંસ તથા ઊંટ) માટે તેમ જ ઘાસિયા મેદાનની જાળવણી માટે મોટા પાયે કાર્ય કર્યું. આ દરમ્યાન, ભરતકામ દ્વારા જીવનનિર્વાહ ચલાવવા કચ્છી સ્ત્રીઓને એકત્ર કરી રચાયેલું જૂથ ૧૯૯૭માં 'કસબ' નામની સ્વતંત્ર સંસ્થા બની ગયું. 'કસબ' સન ૨૦૧૦માં એક કાયદેસરની ઉત્પાદક સંસ્થા બની ગઈ.

જૂન ૧૯૯૮માં આ પ્રદેશ પર વાવાઝોડું ત્રાટક્યું ત્યારે ખ્યાલ આવ્યો કે આપત્કાલિન રાહત માટે વિવિધ બિનસરકારી સંસ્થાઓ (એન.જી.ઓ.) વચ્ચે પરસ્પર સુમેળના અભાવને પરિણામે કેટલીક જગ્યાઓએ એકની એક રાહત બબ્બે વાર પહોંચી જ્યારે કેટલીક જગ્યાઓ સદંતર બાકાત રહી ગઈ. આ પ્રયત્નોને સંગઠિત કરવા માટે ૨૨ સ્થાનિક સંસ્થાઓ (કે.એમ.વી.એસ.તથા તેમાંથી પ્રસરેલી અગાઉ દર્શાવેલી અન્ય શાખાઓ) એકત્ર થઇ અને 'કચ્છ સંકટ અને પુનર્વસવાટ અભિયાન' નામના એક અવિધિસર કાર્યકારી જૂથની રચના થઇ. વ્યવસ્થાનું પુનઃ સ્થાપન થઇ ગયા પછી પણ સૌને એમ લાગ્યું કે એક સર્વસામાન્ય ધ્યેય માટે વિવિધ સંસ્થાઓના પ્રયત્નોને એકત્ર કરવા તેમ જ તેમાં સુમેળ સાધવા માટે એક એકછત્ર સંસ્થાની જરૂરિયાત છે. પરિણામે કે.એસ.એ.પી.એ.ને નવું નામ 'કચ્છ નવનિર્માણ અભિયાન' (અથવા 'અભિયાન') આપવામાં આવ્યું.' 'અભિયાન'ના એક ભાગરૂપે સુમેળપૂર્ણ સંગઠિત કાર્ય સાધવા અર્થે ગામોના સમૂહ માટે 'સેતુ' નામના માહિતીકેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં જ્યાં જ્ઞાનની આપ-લે, સરકારી સંસ્થાઓ, વિવિધ એન.જી.ઓ. તથા સ્થાનિક જાતિઓ વચ્ચે મધ્યસ્થી, તેમ જ સ્થાનિક સ્તરની જરૂરિયાતો અને પ્રશ્નોને લક્ષમાં રાખી સલાહ-સૂચન આપી શકાય.[૧] આજે 'અભિયાન' અંતર્ગત જિલ્લાના ૬૫૦ ગામોને આવરી લેતી ૩૮ સંસ્થાઓ છે, જે કુદરતી સંપત્તિની વ્યવસ્થા, પાણીના સંગ્રહસ્થાનોની વ્યવસ્થા, સ્વાસ્થ્ય, દુષ્કાળ-રાહત, હસ્તકળા તથા નાની બચતયોજના જેવા પ્રશ્નો માટે કાર્યરત રહે છે.

આટલા સમયમાં કે.એમ.વી.એસ.ની ઘણી શાખાઓ સજીવ ખેતી, ઘાસચારો, શહેરી વહીવટ, સ્ત્રીશક્તિકરણ, હસ્તકળા વગેરેને પ્રોત્સાહન આપતી સ્વતંત્ર સંસ્થાઓ બની ચૂકી છે. કે.એમ.વી.એસ. પોતે પણ માત્ર સ્ત્રીઓના એક જૂથમાંથી વિકસીને પરસ્પર સુમેળ ધરાવતી સાત[૨] સ્ત્રી-લક્ષી સંસ્થાઓ બની છે જેને, કાર્યક્ષમતા વધારવા માટેના માર્ગદર્શક એકમો, ઘરેલું હિંસા સામે કાનૂની સહાય તથા સંપર્કસ્થાનોનો સહકાર છે.[3]

---

*૧. અભિયાન માટે www.kutchabhiyan.org અને સેતુ માટે kutchabhiyan.blogspot.in/2011/0/what-is-setu.html પરથી મળેલી માહિતી મુજબ.*

*૨. સૈયર જો સંગઠન, ઉજાસ મહિલા સંગઠન, કસબ, સુશાસિની, સખી સંગિની, સૂરવાણી અને દાઈ સંગઠન,*

*3. http://kmvs.org.in પરથી મળેલી માહિતી અનુસાર*

## બોક્સ ૧: કચ્છની જમીનના ઉપયોગ ને જમીનને આવરી લેતા ફેરફારો

### *પાણીનો ઉપયોગ તથા પાણી મેળવવાના પ્રયત્નો*[૪]

*ભારત સ્વતંત્ર થયા પછી વિકાસના મહત્વના મુદ્દા તરીકે સિંચાઈથી થતી ખેતી પર તથા સિંધુ નદી (પાકિસ્તાન), ઇન્દિરા નહેર (રાજસ્થાન) અને તાજેતરમાં નર્મદાનાં પાણી કચ્છમાં લાવવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વર્લ્ડ બેન્ક જેવા વૈશ્વિક પ્રોજેક્ટની આર્થિક સહાય દ્વારા કાર્યરત થયેલી પાણીની યોજનાઓએ ભૂગર્ભમાં રહેલા પાણીના જથ્થાને શોધવા અને બોરવેલ પદ્ધતિ વિકસાવવા પર વધુ ભાર મૂક્યો છે.*

### *સર્વત્ર પથરાતો ગાંડો બાવળ*[૫]

*નાના છોડવાનાં જંગલો અને ખાસ કરીને ઘાસિયા મેદાનોમાં જે ઝડપથી પ્રોસોપીસ જુલીફ્લોરા અથવા ગાંડા બાવળનો ફેલાવો થઇ ગયો છે તે તાજેતરમાં ધ્યાન પર આવનારો અન્ય એક મુદ્દો છે. આને પરિણામે આ પ્રદેશમાં ભેંસ-પાલનની પ્રવૃત્તિ વધતાં પશુ-ઉદ્યોગમાં ફેરફાર થવા માંડ્યો છે. કચ્છમાં વસતા ઘણા લોકો માટે ગાંડા બાવળના લાકડામાંથી કોલસો બનાવવાનો ગેરકાયદેસર વ્યવસાય જીવનનિર્વાહનું મહત્વનું સાધન બની ગયું છે.*

### *ઔદ્યોગિકરણ માટેની જમીન*[૬]

*કચ્છે દેશની અનામત રાખેલી આરક્ષિત જમીનનું આરક્ષણ હટાવી લેવાનું મોટું પગલું નિહાળ્યું છે. નારાયણ સરોવર આશ્રયસ્થાનની જગ્યાએ સિમેન્ટ ઉદ્યોગ આવ્યો. એ પછી જંગલી ગધેડા તથા મીઠા-ઉદ્યોગ માટે નાના રણની સીમા અંકિત કરવામાં આવી. ૧૯૯૦ના દાયકા પછી ઔદ્યોગિકરણનું મહત્વ વધવાને કારણે ખુલ્લો ખાણ ઉદ્યોગ શરૂ થયો જેને પરિણામે પાણીના સંગ્રહસ્થાનો પર અસર, જંગલો નાબૂદ કરી દરિયાઈ બંદરની સગવડ તથા ભૂગર્ભમાં રહેલા સ્થાનિક પાણીના ઉપયોગ જેવા કુદરતી સંપત્તિના દુરુપયોગ થવા માંડ્યા. હાલમાં, દક્ષિણ કિનારા પર વિશિષ્ટ આર્થિક સંકુલ યોજના હેઠળ મોટા સમુદ્રી બંદર પર આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન મોટા પાયે ચાલી રહ્યો છે.*

*ગાંડો બાવળ ફેલાયેલી જમીન*



---

*૪. મૂળ આધાર: સહજીવન, ૨૦૦૬, 'રિવાઈવીંગ એનિમલ હસબન્ડરી ઈકોનોમી વિથ અ જેન્ડર એન્ડ કન્ઝર્વેશન પર્સ્પેક્ટીવ' (જુલાઈ ૨૦૦૬થી જૂન ૨૦૦૯ માટે ફોર્ડ ફાઉન્ડેશન સમક્ષ રજૂ કરેલી યોજના)*

*૫. મૂળ આધાર: સવ્યસાચિ દાસ પર્સ. કમ. ૨૦૧૪*

*૬. મૂળ આધાર: સહજીવન ૨૦૦૬, 'રીવાઈવીંગ એનિમલ હસબન્ડરી ઈકોનોમી વિથ અ જેન્ડર એન્ડ કન્ઝર્વેશન પર્સ્પેક્ટીવ' (જુલાઈ ૨૦૦૬થી જૂન ૨૦૦૯ માટે ફોર્ડ ફાઉન્ડેશન સમક્ષ રજૂ કરેલી યોજના)*

## ૧.૨. સર્વેક્ષણ અંગે

### ૧.૨.૧. કેન્દ્રસ્થાન

આ સર્વેક્ષણ, પર્યાવરણ તથા સામાજિક-સાંસ્કૃતિક રચના સાથે સુસંગત હોય એવા જ સ્થાનિક જીવનનિર્વાહના સાધનોનો વિકાસ થઇ શકે એવી મૂળભૂત માન્યતાને ધ્યાનમાં રાખીને જીવવાના સ્થાનિક ઉપાયો (જેવા કે પશુ-પાલન, ખેતી તથા હસ્તકળા, તેમ જ આ બધા વચ્ચેનો સુમેળ) ઊભા કરવા માટેના પ્રારંભિક પ્રયાસોની ચર્ચા કરે છે. સર્વેક્ષણમાં આવરી લેવાયેલા પ્રારંભિક પ્રયાસો અગાઉ ઉલ્લેખાયેલા 'અભિયાન'ના ભાગરૂપ છે જે સ્વતંત્ર રીતે તેમ જ અન્ય સંસ્થાઓ સાથે સંલગ્નપણે કાર્ય કરી સામાજિક, આર્થિક તથા પર્યાવરણની દ્રષ્ટિએ કચ્છ માટે લાભદાયી પ્રયાસો કરી રહ્યું છે. 'અભિયાન' દ્વારા હાથ ધરાયેલાં કાર્યો અગણિત છે પરંતુ આ સર્વેક્ષણમાં સ્વતંત્ર રીતે તથા પરસ્પર તેમ જ 'સેતુ' અને 'સૈયર જો સંગઠન' (એસ. જે. એસ.) જેવી અન્ય સંસ્થાઓ સાથે સંલગ્નપણે કાર્ય કરતી બે સભ્ય સંસ્થાઓના પ્રારંભિક પ્રયાસો કેન્દ્રસ્થાને છે: 'સાત્વિક' (વરસાદ-આધારિત તથા સજીવ ખેતી) અને 'સહજીવન' (પશુ-પાલન તથા ઘાસચારો). એસ.જે.એસ. એ કે.એમ.વી.એસ.ની અંતર્ગત ચાલતી સ્ત્રી સંસ્થા છે જે લખપત તથા નખત્રાણા વિસ્તારની સ્ત્રીઓના આર્થિક, સામાજિક અને રાજકીય સશક્તિકરણના ક્ષેત્રમાં કાર્ય કરી રહી છે. હસ્તકળા ક્ષેત્રે પરસ્પર કડીઓને સાંકળવાનો પ્રયાસ કરતી એક અન્ય સંસ્થા 'ખમીર'ના પ્રયાસોને પણ આ સર્વેક્ષણમાં આવરી લેવામાં આવ્યા છે.

### ૧.૨.૨. માળખું

આ સર્વેક્ષણમાં આવરવામાં આવેલા વિષયો આ મુજબ છે:

- ખેતી, પશુ-પાલન તથા હસ્તકળાને લગતા પ્રારંભિક પ્રયાસો કઈ રીતે પર્યાવરણના પાસાઓને લક્ષમાં રાખીને સ્થાનિક જીવનનિર્વાહ સુલભ બનાવે છે.
- કયા પડકારો ઝીલવાના બાકી છે.
- કયા મૂળભૂત મૂલ્યો પ્રકાશમાં આવ્યા છે.
- આબોહવા તથા સામાજિક પરિસ્થિતિમાં ટકી શકે એવી જીવનશૈલી અપનાવવાના પ્રારંભિક પ્રયાસોની લાંબે ગાળે કેવી અસર પડશે.

### ૧.૨.૩. પ્રક્રિયા

આ સર્વેક્ષણ એ પ્રદેશની પરિસ્થિતિ સમજવા માટે ત્યાં કરેલા ત્રણ પ્રવાસો તેમ જ ત્યાં અન્ય સૂત્રો પાસેથી પ્રાપ્ત થયેલી માહિતીને આધારે કરેલું છે.

પ્રથમ પ્રવાસ (૯ દિવસ) સપ્ટેમ્બર ૨૦૧૨માં આશિષ કોઠારી અને શીબા દેસોરે કરેલો. આ પ્રવાસ દરમ્યાન, સર્વેક્ષણ હેઠળનાં સ્થળોની ટૂંકી મુલાકાત તેમ જ સહજીવન, સાત્વિક, ખમીર, સેતુ અને સૈયર જો સંગઠન (એસ.જે.એસ.) જેવી સભ્ય-સંસ્થાઓના કાર્યકર્તાઓ સાથેની ચર્ચા-વિચારણાને પરિણામે 'અભિયાન'ના વિવિધ પ્રારંભિક પ્રયાસોનો બહોળો તાગ મળ્યો.

દ્વિતીય પ્રવાસ (૨૫ દિવસ) શીબા દેસોર અને વિનોદ નાયરે ફેબ્રુઆરી ૨૦૧૪માં કર્યો. આ પ્રવાસ, સાત્વિક તથા સહજીવન દ્વારા થયેલા પ્રારંભિક પ્રયાસો અંગે ઊંડાણભરી માહિતી મેળવવામાં ઉપયોગી હતો. સહજીવનના સહકારથી બન્ની ઘાસિયા મેદાનોના ગામડાઓ તથા હોડકામાં આવેલા બન્ની પશુ-ઉછેર સંગઠન, લખપતના ઊંટ-ઉછેર કેન્દ્ર અને નખત્રાણામાં આવેલ એસ.જે.એસ.ના કાર્યાલયની મુલાકાત લીધી. સાત્વિકના સહકારથી અંજાર (મગનલાલ આહિર તથા દિવેલ ઉત્પાદક એકમની મુલાકાત) ભચાઉ

(કાબરાઉ વિભાગની સેતુ સંસ્થા સાથે ભાગીદારીમાં ચાલતી બિયારણની સાચવણીના કાર્ય અંગે જાણકારી), આદેસર (વરસાદ-આધારિત કપાસના વાવેતર સાથે સંકળાયેલા ખેડૂતોની મુલાકાત) અને અબડાસા (બિયારણ-સાચવણીના કાર્યમાં સાત્વિક સાથે ભાગીદારીમાં કાર્ય કરતી સંસ્થા વી.આર.ટી .આઈ. નલિયાની મુલાકાત) પ્રદેશોની મુલાકાત લેવામાં આવી. પ્રદેશની મુલાકાત ઉપરાંત સહજીવન, સાત્વિક, એસ.જે.એસ., સેતુ અને ખમીરના કાર્યકરો સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવી.

ત્રીજો પ્રવાસ (એક અઠવાડિયું) સપ્ટેમ્બર ૨૦૧૪માં શીબા દેસોર અને આદમ કાજકાએ કર્યો. આ પ્રવાસ સહજીવન તથા સાત્વિકના સભ્યો સાથેની પુનઃ મુલાકાત માટે તેમ જ હસ્તકળા-પર્યાવરણની કડીઓના વિવિધ પાસાની સમજણ માટે ખમીરે આદરેલા પ્રારંભિક પ્રયાસો સમજવા માટે ઉપયોગી હતો. મોટા જામથલા ગામડાની મુલાકાત ગોઠવવામાં આવી જ્યાં ખમીર દ્વારા 'કાલા કોટન'[૭] કાપડના વણાટકામ માટે વણકરો રોકવામાં આવ્યા છે. પ્રદેશની મુલાકાત ઉપરાંત, આ પ્રારંભિક પ્રયાસોને સાંકળવા તથા આગળ ધપાવવામાં કાર્યરત હોય એવા સહજીવન તથા ખમીરના કાર્યકરોની મુલાકાત લેવામાં આવી.

અન્ય સૂત્રોથી પ્રાપ્ત થયેલી માહિતીમાં સંસ્થાના વાર્ષિક અહેવાલ તથા પ્રકાશનો, સંસ્થાની જાણકારી તથા અભિગમનો ખ્યાલ આપતી અન્ય સંસ્થાઓ સાથે ભાગીદારીમાં સૂચવેલી યોજનાઓ, વેબસાઈટ, વર્તમાનપત્રોના અહેવાલો તથા લખાણોમાંથી પ્રાપ્ત થતી માહિતીનો સમાવેશ થાય છે.

### ૧.૨.૪. અપૂર્ણતા

આ સર્વેક્ષણ એ પ્રદેશમાં કરેલા મર્યાદિત કાર્ય પર તથા અગાઉ જણાવેલ સંસ્થાઓના કેટલાક મુખ્ય કાર્યકર્તાઓ સાથેની વાતચીત તેમ જ જગ્યાઓની જૂજ મુલાકાતો પર આધારિત છે. વિસ્તૃત લેખિત સમાલોચના તેમ જ એને વધુ સશક્ત બનાવી શકનાર નીતિ-નિયમોની ઊંડી આલોચના દ્વારા આમાં વધુ ઊંડા ઊતરી શકાય. સરકારી એકમો સાથે તેમ જ ભાગીદાર સંસ્થાઓ સાથે વિસ્તૃત ખેતીવાડી, પશુપાલન, હસ્તકળા તથા આ બધા વચ્ચેના સુમેળ અંગે ચર્ચા-વિચારણા પણ ઉપયોગી થઇ શકે. હસ્તકળાને લગતા પ્રારંભિક પ્રયાસો અંગેની માહિતી તેમ જ તેનું પૃથક્કરણ ઘણા લાભદાયી નીવડી શકે.

અન્ય એક મર્યાદા એ હતી કે લેખકને પ્રાદેશિક ભાષા (કચ્છી તથા ગુજરાતી)નું જ્ઞાન નહોતું. ભાષાંતરકાર તેમ જ મદદકર્તા હંમેશા હાજર હોવા છતાં લેખકને લાગે છે કે આ ખામીને કારણે પરિસ્થિતિને સંપૂર્ણપણે સમજવામાં ક્યાંક ત્રુટિ રહી ગઈ હશે કારણ કે પ્રવાસ દરમ્યાન જે લોકોની મુલાકાત લેવામાં આવી તેમાંના મોટા ભાગના લોકો કચ્છી બોલતા હતા અને કેટલાક અહેવાલો તથા પ્રકાશનો ગુજરાતી ભાષામાં હોવાને કારણે એની યોગ્ય સમાલોચના થઇ નહોતી શકી.

## ૨. પ્રારંભિક પ્રયાસોનો અભિગમ

કચ્છના સામાજિક-સાંસ્કૃતિક તેમ જ પર્યાવરણને લગતા પાસાઓને લક્ષમાં રાખીને સ્થાનિક જીવનનિર્વાહ માટેનાં સાધનો ઊભા કરવાના પ્રારંભિક પ્રયાસો (ખેતીવાડી, પશુ-ઉછેર, ગોપાલન તથા હસ્તકળાના ક્ષેત્રમાં) અહીં વર્ણવવામાં આવ્યા છે.

*૭. 'કાલા કોટન' એ વરસાદ-આધારિત ટૂંકા ગાળાના કપાસના એક પ્રકારનું નામ છે. એને ઉગાડવા માટે કશા રાસાયણિક ખાતરની જરૂર નથી પડતી ૨. ૨. ૧અ માં વિગત આપેલી છે.*

## ૨.૧. પ્રારંભિક પ્રયાસો વિષે:

### ૨.૧.૧. પૃષ્ઠભૂમિ

જમીનના ક્ષેત્રે, સતત ભ્રમણ કરતા ગોવાળિયા અને સ્થાયી થયેલા ખેડૂતો વચ્ચે ઘણા સમયથી સારો સુમેળ છે. ખાતર તરીકે ઉપયોગી થતું પશુઓનું છાણ મેળવવા ખેડૂતો અમુક નિયત સમય માટે ગોવાળિયાઓને એમના પશુઓને પોતાના ખેતરોમાં ચરવા દે છે. આ બંને કાર્યો પરસ્પર પૂરક હોવાને કારણે ઘણા ખેડૂતો ખેતી કરવાની સાથોસાથ પશુપાલન પણ કરે છે. આ ઉપરાંત, બે જાતિઓ વચ્ચે માલની અદલા-બદલી અને વ્યાપારી વિનિમય માટે પશુધન અને હસ્તકળા ઘણા સમયથી સંકળાયેલા છે. (જુઓ બોક્સ ૨)

પરંપરાગત રીતે જોતાં, વરસાદ-આધારિત ખેતી અને પશુ-ઉછેર વચ્ચેનો સુમેળ આર્થિક દ્રષ્ટિએ વ્યવહારુ છે તેમ જ સજીવ ચક્ર ચાલુ રાખે છે. વરસાદ-આધારિત ખેતી પશુઓને ઘાસચારો તથા ખોરાક પૂરા પાડે છે જ્યારે પશુઓ જમીનને ફળદ્રુપ બનાવતું ખાતર પૂરું પડે છે. આ ઉપરાંત, બંને પ્રવૃત્તિઓ ખેતીની ઉપજ, દૂધ તથા સ્થાનિક બજારમાં સ્થાનિક વેચાણ માટે પશુઓની સંખ્યામાં થોડો વધારો કરે છે.

પૈસાનું મહત્વ વધતાં તેમ જ બદલાતા વ્યાપારજગતમાં પશુઆહારની અન્યત્ર ઉપયોગિતા જણાતાં, ગુવાર તથા કપાસ દૂરની બજારોમાં બારોબાર વેચાવા માંડ્યા. આના પરિણામસ્વરૂપ પશુ-આહારમાં ફેરફાર થયો, જે હવે ખરીદવું પડતું હતું. આને કારણે અગાઉની કડીઓ તૂટી ગઈ અને વરસાદ-આધારિત ખેતી તથા પશુપાલન વચ્ચેની કડી આર્થિક રીતે અવ્યવહારુ બની ગઈ. પશુધનને રાખવાનું પણ મોંઘું પડવા માંડ્યું.

આ કડીઓ તૂટવાને કારણે સિંચાઈ દ્વારા થતી નિર્જીવ ખેતી તરફ વળવાનું માત્ર ઈચ્છિત નહિ, હિતાવહ પણ બની ગયું. કડીઓ વધારે તૂટી જ્યારે અનાજ ઉગાડવા માટે સેન્દ્રિય ખાતર અપૂરતું થઇ ગયું અને પરિણામે, જંતુનાશક દવાઓ તથા દુષ્કાળમાં ટકી રહે એવા પાક ઉગાડવામાં તેમ જ સિંચાઈકાર્યમાં વધુ ધનરોકાણ કરવાની જરૂર ઊભી થઇ. આના પરિણામસ્વરૂપ બનેલી યોજના નજીકના ભવિષ્યમાં આર્થિક રીતે ખાસ લાભદાયી ન હોવા (આવક) ઉપરાંત એનામાં, ટકી શકે એવા

**બોક્સ ૨: કચ્છમાં વણકરો, ખેડૂતો, ગોવાળિયા વચ્ચે વ્યાપાર-વિનિમય**

*ભુજ નજીક આવેલા ભુજોડી ગામડાના વણકરો ત્યાંના પટેલ તથા આહિર ખેડૂતોને સૂતર (તેમના પાઘડી, પાણી ખાળતા ઘડાના આવરણ, ચાદરો માટે) તથા ઉનના કાપડ આપે છે અને બદલામાં એમની પાસેથી અનાજ તથા શાકભાજી લે છે.*

*આદેસરના માખેલ ગામડાના 'કાલા કોટન'ના ખેડૂતો ના જણાવ્યા મુજબ અગાઉના સમયમાં વણકરો આ ગામડામાં રહેતા હતા અને ખેડૂતો પાસેથી મેળવેલા કપાસમાંથી કાપડ બનાવતા હતા.*

*કચ્છનું પરંપરાગત ઘેટાના ઉનનું વણાટકામ મૂળ આસપાસની રબારી જાતિના ગોવાળો પાસેથી મળતું, જેના બદલામાં રબારીઓને ઉનની શાલ આપવામાં આવતી, જેના પર એમની સ્ત્રીઓ ભરતકામના અથવા બાંધણીના ટુકડા ચોડતી (બાંધણી કચ્છની આગવી કળા છે).*

---

*મૂળ આધાર: શીલી એસ. ૨૦૧૧, દસ્તાવેજી નોંધ: કાલા કોટનમાં ખમીર અને સાત્વિકના પ્રારંભિક*

જીવનનિર્વાહના સાધનો પેદા કરવાની ક્ષમતા પણ નથી. આબોહવા માટે હાનિકારક (જમીનની ફળદ્રુપતા તથા ભૂગર્ભમાં રહેલા પાણીની માત્રા ઓછી કરે છે) હોવા ઉપરાંત સૂકા પર્યાવરણને અનુરૂપ પાકતી વિવિધતાને પણ નષ્ટ કરે છે. પશુઓ માટે પાણીના સંગ્રહસ્થાનો ઓછા થઇ જવાને તેમ જ પાણી દૂષિત થઇ જવાને પરિણામે ગોવાળોને પણ અસર પહોંચી છે.

છેલ્લા થોડા દાયકાથી સામાજિક-આર્થિક તેમ જ પર્યાવરણને લગતા ફેરફારો થવાને પરિણામે માટીકામ, બીબા-છાપકામ, ચર્મઉદ્યોગ તથા ધાતુના ઘંટ બનાવવાનું કાર્ય કરતા કારીગરોને પોતાની કળા દ્વારા પોતાના જીવનનિર્વાહ પૂરતું વળતર મેળવવા ઘણા પડકારોનો સામનો કરવો પડે છે. આ કારીગીરીમાં સામાન્ય રીતે જે કાચો માલ વાપરવામાં આવે છે તે મેળવવાનું કામ અનેક કારણોસર મુશ્કેલ બનતું જાય છે. સમગ્ર પ્રક્રિયાની જે સાંકળ છે તેમાંની ઘણી કડીઓ સ્થાનિક ઉત્પાદન અથવા વપરાશમાંથી લુપ્ત થતી જાય છે. દા.ત. વણકરોને ઘેટાનું ઉન કાઢી આપવાની સ્થાનિક વ્યવસ્થા કે વરસાદ-આધારિત, ટૂંકા ગાળામાં તૈયાર થતા કપાસની જાત પ્રાપ્ત નથી થતી. કાચો માલ મેળવવામાં પડતી મુશ્કેલીનું કારણ દૂષિત થતું જતું પર્યાવરણ પણ હોઈ શકે. દાખલા તરીકે, કાપડ રંગવા માટે વપરાતી કુદરતી વસ્તુ ગળી, દુર્લભ થતી જાય છે. કાપડ રંગવા માટે ઉપયોગમાં લેવાતા પાણીનાં સંગ્રહસ્થાનો સુકાવા માંડ્યાં છે, અને કેટલાક વપરાશમાં લઇ ન શકાય એટલી હદે દૂષિત થઇ ગયાં છે. કુંભારો માટે માટી તથા સફેદ કાદવ મેળવવા દુર્લભ થઇ ગયા છે. કેટલાક પ્રદેશોમાં પાણી એટલી ઓછી માત્રામાં પ્રાપ્ત થાય છે કે તે ખરીદવું પડે છે. ખેડૂતો તથા ગોવાળો પોતાના કપાસ અને ઉન કારખાનાઓને વેચી દેતા હોવાથી વણકરો સાથેનો તેમનો પુરાણો વેપાર અને વસ્તુ અદલા-બદલી કરવાનો સંબંધ પડી ભાંગ્યો છે. બીબા-છાપકામની જગ્યાએ સ્ક્રીન વડે થતું છાપકામ કે હાથશાળને બદલે મશીન દ્વારા થતા વણાટકામ જેવા કેટલાક કિસ્સાઓમાં એવું પણ બન્યું છે કે એમનાં ઉત્પાદનો તથા ઉત્પાદનપ્રક્રિયાના સસ્તા વિકલ્પોને પરિણામે, એમના જીવનનિર્વાહ માટે એમની હસ્તકળા ચાલુ રાખવા સામે આર્થિક પડકારો ઊભા થયા છે.[૮]

## ૨.૧.૨. પ્રારંભિક પ્રયાસોમાં શું કરવામાં આવે છે

કચ્છ, જ્યાં ૭૫% ખેતી હજી વરસાદ-આધારિત છે ત્યાં વરસાદ-આધારિત ખેતીકાર્યને વધુ પગભર થવા મદદરૂપ થવું જરૂરી છે. પ્રારંભિક પ્રયાસો અંતર્ગત, ૭ પરંપરાગત પાકની વિશાળ વિવિધતાના બિયારણની સાચવણી તેમ જ ખાદ્ય-પ્રમાણપત્ર દ્વારા એ ઉત્પાદનોને લાભદાયી થાય એવા વેચાણ-બજાર સાથે સંપર્ક સાધી આપવાનું કાર્ય થાય છે. આ બજારો સાથે વધારે ન્યાયયુક્ત શરતો સાથે જોડાઈને તથા જ્યારે વચ્ચેની સંસ્થા ખસી જાય ત્યારે પણ આ સક્રિય હિસ્સો અને તેની પ્રક્રિયા ચાલુ રહે તે માટે પ્રયત્નશીલ રહેવા ઉત્પાદક એકમો તેમ જ નાના પાયે આર્થિક ભંડોળ પૂરું પડતા જૂથોની રચના કરવામાં આવી.છે. જ્યાં નિર્જીવ ખેતી શરૂ થઇ ગઈ છે ત્યાં ફરીથી સજીવ ખેતી તરફ વળવા માટે જમીનનું સ્તર સુધારવાના પ્રયત્નો શીખવવા તથા તેને પ્રોત્સાહન આપવાના પ્રારંભિક પ્રયાસો થઇ રહ્યા છે.

પશુપાલન ક્ષેત્રમાં, સ્થાનિક પશુઓની જાતિઓને, ખાસ કરીને બન્નીની ભેંસ તથા ખારાઈ ઊંટને જાળવી રાખવાના પ્રારંભિક પ્રયાસોમાં, એમને

૮. *http://www.khamir.org/crafts/*

ચરવા માટેની જગ્યાઓ મેળવવી અને તેની સાચવણી કરવી, દુગ્ધ-સંસ્થાઓ સાથેનો સંપર્ક સરળ બનાવવો, એમનું સ્વાસ્થ્ય સાચવવા તથા અન્ય પશુરોગ સામે રક્ષણ પૂરું પાડવાની સેવાઓ આપવી, તેમ જ નાનાપાયે આર્થિક સહાય ઊભી કરવા માટે સંસ્થાઓ સ્થાપવાનાં કાર્યો થઇ રહ્યાં છે.

હસ્તકળા ક્ષેત્રે, સ્થાનિક વ્યાવસાયિક પહેલને વધુ મજબૂત કરવા ઉપરાંત જીવનનિર્વાહ માટેના એક સાધન તરીકે સ્વીકારવામાં થતી ગર્વની અનુભૂતિ ટકાવી રાખવાના તેમ જ હસ્તકળા (આગળ જણાવવામાં આવશે તે 'કાલા કોટન'ને પ્રોત્સાહન આપવા જેવા) અને પર્યાવરણ વચ્ચેના સુમેળ તરફ સભાનતા કેળવવાના પ્રયાસો થઇ રહ્યા છે.

## ૨.૨. પ્રારંભિક પ્રયાસોનું વિસ્તૃત વિવરણ

### ૨.૨.૧. ખેતીવાડી

સાત્વિક (જેનો શાબ્દિક અર્થ થાય છે યથાર્થ) કચ્છની એક એવી સંસ્થા છે જે વરસાદ-આધારિત ખેતીના પ્રયોગોને સહકાર આપે છે, પારંપરિક બિયારણની જાતિઓની સાચવણી કરે છે અને ખેતીને સજીવ રાખે છે. (જુઓ કોઠો ૧)

*કોઠો ૧: ખેતીવાડી પ્રત્યેનો સાત્વિકનો અભિગમ*

| કાર્યલક્ષી પાસા | અભિગમ |
|---|---|
| બજારની અસ્થિરતા, પાકની નિષ્ફળતા તથા પાણી તેમ જ રસાયણો પર વધુ નિર્ભરતા રાખતી હરિયાળી ક્રાંતિ અંતર્ગત થતી ખેતીવાડીની પ્રક્રિયા તરફ ખેંચાઈ જવાનાં પ્રલોભનોની ઉપસ્થિતિમાં વરસાદ-આધારિત ખેતીવાડી કઈ રીતે સાચવવી. | બિયારણની સાચવણી તેમ જ બિયારણની વિવિધતા જાળવવી અને સાથોસાથ સજીવ ખેતીના પ્રમાણપત્ર (વિસ્તૃત વિવરણ માટે જુઓ ૨.૨.૧અ) જેવાં સાધનો દ્વારા વરસાદ-આધારિત ખેતીને આર્થિક દ્રષ્ટિએ નિભાવવી. |
| સિંચાઈ દ્વારા થતી ખેતીમાં ભૂમિગત પાણીની વધતી જતી માંગ તથા ખેતી-રસાયણોના થતા વધુ ઉપયોગ પર કઈ રીતે નિયંત્રણ રાખવું. | વરસાદ-આધારિત ખેતી કરતા ખેડૂતોને સજીવ ખેતી તરફ વાળવા માટેની તાલીમ તથા સંશોધન પૂરા પાડવા (વિસ્તૃત વિવરણ માટે જુઓ ૨.૨.૧બ) |

#### *૨.૨.૧અ વરસાદ-આધારિત ખેતીના ક્ષેત્રે*

##### બિયારણની જાળવણી

૨૦૦૬ની સાલથી સાત્વિક ૭ પરંપરાગત (જે રામ મોલ તરીકે જાણીતા છે) વરસાદ-આધારિત પાક જેવા કે ગુવાર, જુવાર, બાજરી, એરંડો, તલ, મગ અને મઠ જેવા વિવિધ બિયારણોની જાળવણીમાં કાર્યરત રહ્યું છે. સાત્વિકનું બિયારણની જાળવણી માટે કાર્યરત એકમ 'અણમોલ' બિયારણની વિવિધતા ટકાવી રાખવાના પ્રયાસો કરે છે, જેના પ્રત્યે સરકાર બેદરકાર છે. આની પાછળનો હેતુ એ છે કે ક્યારેક સંજોગવશાત જો પાકમાં નિષ્ફળતા સાંપડે તો તે પછી ફરીથી પાક ઉગાડવા માટે ખેડૂતો પાસે પૂરતું બિયારણ હોય. આ પ્રયાસ પાછળની મુખ્ય માન્યતા એ છે કે બિયારણની જાળવણી તેને બિયારણ ભંડોળમાં મૂકીને નહિ બલ્કે તેની વૃદ્ધિ દ્વારા થવી જોઈએ.

આ માટેની પ્રક્રિયામાં, બિયારણ ઉગાડનાર ખેડૂતો શોધવા (જેમની પાસે પરંપરાગત બિયારણની વિવિધતા હોય) એ વિવિધ બિયારણ એકત્ર કરવા, એનું ઉત્પાદન કરતા ખેડૂતોને મદદ આપવી (જેઓ બિયારણને અનુકૂળ આબોહવામાં આ બીજ રોપી એની વૃદ્ધિ કરી શકે) અને ભાગીદારો તથા ઉત્પાદકો

મારફતે આ બિયારણના વિતરણ તથા વેચાણમાં સુગમતા લાવવાનો સમાવેશ થાય છે. (એક ભાગીદાર કાબરાઉ સેતુ તેમ જ તેની સાથે સંકળાયેલા બિયારણ ઉત્પાદક ખેડૂત વિશેની માહિતી માટે જુઓ બોક્સ ૩).

બિયારણ ઉત્પાદકો અને તેમના ઉત્પાદન અંગેની માહિતી મેળવી શકાઈ એ દ્રષ્ટિએ આ પ્રક્રિયા સફળ થયેલી ગણાય, પરંતુ એની સાથે, આના અંતર્ગત ઉત્પન્ન કરાયેલા બિયારણની વિવિધતાને હાંસલ કરવી એ બાબત પડકારરૂપ છે. ખરીદનાર ખેડૂતો અને ઉત્પાદક ખેડૂતો વચ્ચે શરૂઆતમાં જે સીધો સંપર્ક હતો તે બદલાઈને, પોતાના કાર્ય તરફની ગંભીરતાને અભાવે હવે એવું થઇ ગયું છે કે ભાગીદાર સંસ્થાઓ બિયારણ-ઉત્પાદક ખેડૂતો પાસેથી બીજ ખરીદે છે અને એમના કાર્યક્ષેત્રમાં વહેંચે અથવા વેચે છે. થોડા સમય સુધી ભાગીદારો બિયારણ એમ જ વેચી દેતા હતા પરંતુ હવે આ વર્ષથી એમણે નિયમાનુસાર વેચાણ શરૂ કર્યું છે. ગામડા કે ગામડાના સમૂહના સ્તરે આ પરંપરાગત બિયારણના ઉપયોગનો ફલક ભાગીદારોની આગેવાની તેમ જ તેમની પસંદગી પર નિર્ભર કરે છે, અને જુદા જુદા વિસ્તારમાં એમને વત્તી-ઓછી સફળતા મળી છે.

૨૦૧૩ સુધી બિયારણ-જાળવણીનું ક્ષેત્ર માત્ર વરસાદ-આધારિત પાકના બીજ પર જ ધ્યાન કેન્દ્રિત કરવાનું હતું, પરંતુ હવે (૧૦૦૦

## બોક્સ ૩: બિયારણની જાળવણી માટે જરૂરી સંપર્કો

### *કાબરાઉ સેતુ - બિયારણની જાળવણીમાં ભાગીદાર*

*કાબરાઉ સેતુમાં ૨૧ ગામડા અને ૭ વિભાગો આવેલા છે. સેતુ સાથે સાત્વિકે જે કારણસર સંપર્ક સ્થાપ્યો છે તે બિયારણની જાળવણી માટેનું 'અણમોલ' એકમ સન ૨૦૦૫થી ૮ ગામડાઓમાં સક્રિય છે. ગામડાના સ્તરે ૪-૫ ખેડૂતોની સમિતિ બને છે અને આ પ્રત્યેક સમિતિના આગેવાનો પરસ્પર તેમ જ સેતુ સાથે એક જૂથના સ્તરે ભેળા થાય છે. સેતુના કાર્યક્ષેત્રમાં (નવા ઉત્પાદનથી તથા અપ્રાપ્ય પાકનાં બીજ વેરીને વાવવાની પ્રક્રિયાથી) સજીવ તથા વરસાદ-આધારિત ખેતી પ્રત્યેની સભાનતા જાગૃત કરવી, (પંચાયત સાથે કામ કરીને) રાજકીય સ્તરે સક્રિય રહેવું, તેમ જ (સજીવ ખેતીનું પ્રમાણપત્ર મેળવવા સુગમતા ઊભી કરી) વેચાણના સ્તરે કાર્યરત રહેવાનો સમાવેશ થાય છે. સજીવ ખેતીનું પ્રમાણપત્ર મેળવવાનું કાર્ય, જે અગાઉ સેતુ મારફત થતું હતું, તે હવે ફસલ ઉત્પાદક એકમ દ્વારા થાય છે (જેને માટે એ ફી વસૂલ કરે છે.)*

### *જૂના વિવિધ બિયારણના ઉત્પાદક*

*ભચાઉ જિલ્લાના કાબરાઉ પ્રદેશના નેર ગામડાના જેસાભાઈ, ૨૦૦૫ની સાલના અંત ભાગમાં સાત્વિક દ્વારા બિયારણની જાળવણીનું કાર્ય શરૂ થયું ત્યારથી તેની સાથે સંકળાયેલા છે. એ સમયે તેઓ જાળવણી માટે ઘણા બિયારણની પારંપરિક વિવિધતાઓના બિયારણ ઉત્પાદક ખેડૂત તરીકે ઓળખાતા હતા. તેઓ ગુવાર, લીલા ચણા, મગ, જુવાર, મઠ, એરંડો તથા તલ ઉગાડે છે. એમના ખેતરને સજીવ ખેતી માટેનું પ્રમાણપત્ર મળેલું છે (જુઓ નીચે), જેને પરિણામે એમને એમના કેટલાક પાક, ખાસ કરીને એરંડાનો સારો ભાવ મળી રહે છે. એમના તરફથી સાત્વિકને મળતા ટેકાને લીધે મોટા ભાગના ગ્રામ્યજનોમાં સાત્વિક પ્રત્યે વિશ્વાસ જળવાઈ રહ્યો છે. એમને જ્યારે પૂછવામાં આવ્યું કે આ પ્રકારના કાર્યનું એમને મન શું મૂલ્ય છે ત્યારે જવાબમાં એમણે જણાવ્યું કે "નવા વિવિધ પ્રકારો કરતાં દેશી મગ અને બાજરીનો સ્વાદ ઘણો વધારે સરસ લાગે છે. જે સારું છે તે ફરીથી ધરતીમાં જવું જ જોઈએ. સ્વાદ તથા સ્વાસ્થ્ય જાળવવાનો આ જ એક ઉપાય છે." ખેડૂતો વચ્ચે માહિતીના વિનિમય અંગે પણ એમણે જણાવ્યું, " બિયારણ અંગે મને આટલી સમજણ એ કારણે પ્રાપ્ત થઇ કે ટી.વી. આવ્યું તે પહેલાં સૌ ભેગાં મળતાં અને ખેતી માટે શું સારું ને શું નરસું તેની માહિતીની આપ-લે કરતાં."*

પી.પી.એમ.સુધીની સિંચાઈ માગી લેતા) ઘઉં, મગફળી અને કપાસ (સજીવ, બીટી ન હોય એવા) જેવા સિંચાઈ-આધારિત વિવિધ પાક પર પણ ધ્યાન આપવાનું શરૂ થઇ ગયું છે. ઉત્પાદનમાં ભેળસેળ ન થઇ જાય તેમ જ જે પાક ઉગાડવામાં આવતો હોય તેના સિવાયની ઊગી નીકળતી વસ્તુઓને ખેતરમાંથી બહાર કાઢવા માટેના પાક-ઉત્પાદક સાધનો વિકસાવવાના કાર્યને પણ મહત્વ આપવામાં આવે છે.

શરૂઆતમાં આ બિયારણનું ઉત્પાદન (ઉત્તરોત્તર વધતું ઉત્પાદન) વરસાદ-આધારિત ખેતરોમાં કરવામાં આવતું હતું, પરંતુ પાકની નિષ્ફળતાના જોખમને કારણે તેને સિંચાઈ-નિર્ભર કરી દેવામાં આવ્યું. લાંબા સમય સુધી સાત્વિક આ ઉત્પાદનમાં પ્રાવૈધિક મદદગાર તરીકે કાર્યરત રહ્યું, પરંતુ પ્રાપ્ત કરીને તેની વૃદ્ધિ કરવામાં આવતા મહત્વના બિયારણના ઘણા પ્રકારો કોઈ ને કોઈ કારણસર લુપ્ત થવા માંડ્યા હતા એવું લાગવાને પરિણામે સાત્વિક પોતે જ મનોજ સોલંકીના સિંચાઈ-નિર્ભર સજીવ ખેતરમાં બિયારણના ઉત્પાદનના કામમાં સીધું જ સંકળાઈ ગયું. ('ધ સીડ્સ એક્ટ ૧૯૬૬'ની પૂરતી સમજણ મેળવી લીધા પછી) એ બિયારણના સીધા વેચાણમાં પણ જોડાઈ જવાનું વિચારે છે.

### સજીવ ખેતીનું પ્રમાણપત્ર

૨૦૦૬માં સાત્વિકે કાબરાઉ સેતુ સાથે મળીને (જુઓ બોક્સ ૩) વરસાદ-આધારિત ખેડૂતોના ખેતરો માટે 'અભિયાન' દ્વારા અપાતું સજીવ ખેતીનું પ્રમાણપત્ર મેળવવામાં સહાયતા કરવાના કાર્યની શરૂઆત કરી હતી. વેચાણની દ્રષ્ટિએ શરૂઆતનાં ૨-૩ વર્ષ મુશ્કેલીઓનો સામનો કર્યા બાદ તેઓ સજીવ પ્રમાણિત એરંડાના વેચાણમાં સફળતા પ્રાપ્ત કરી શક્યા હતા. એરંડા ઉત્પાદક એકમ - કેસ્ટર પ્રોડ્યુસ કંપનીને (જુઓ બોક્સ ૪) એ વેચવામાં આવે છે, જે

### બોક્સ ૪: કેસ્ટર પ્રોડક્ટ કંપની (સી.પી.સી.): સજીવ ખેતીનું પ્રમાણપત્ર મેળવવાની કડી

*કચ્છના અંજાર જિલ્લામાં આવેલી સી.પી.સી. એક નાની કંપની છે જે આસપાસના પ્રદેશમાંથી મોટા ભાગનો સજીવ-પ્રમાણિત એરંડો એકત્ર કરે છે અને દેશ બહાર તેની નિકાસ કરે છે. આમાં મોટા ભાગનો એરંડો (લગભગ ૪૦૦ મેટ્રિક ટન) સિંચાઈ-નિર્ભર સજીવ ખેડૂતો પાસેથી મળી રહે છે અને બીજો ૫૦-૬૦ મેટ્રિક ટન (વાર્ષિક) જેટલો તે નાના ઉત્પાદક જૂથમાં સંકળાયેલા વરસાદ-આધારિત ખેડૂતો પાસેથી પણ મેળવે છે. આ રીતે એ એરંડો ઉગાડતા વરસાદ-આધારિત ખેડૂત અને વેચાણ-બજાર વચ્ચે સંપર્ક સ્થાપી એને આર્થિક વળતર મેળવી આપવામાં મહત્વનો ભાગ ભજવે છે. આ પ્રક્રિયામાં નીકળતો ખોળ સિંચાઈ-નિર્ભર ખેડૂત તેમની જમીનને ફળદ્રુપ બનાવવા માટે ખરીદી લે છે.*

*એરંડો તેના પરાગ દ્વારા ખૂબ ઝડપથી ફેલાતો હોવાથી તેને ૧૦૦૦ કિ.મી. દૂર ઉગાડવો પડે છે. જો એરંડાનો જેનેટીકલી મોડીફાઇડ (જી.એમ.) પ્રકાર ઉગાડવાનું નક્કી થશે તો તેને સજીવ એરંડાના પ્રકારોમાં ભળી જતું અટકાવવાનું ઘણું મુશ્કેલ બનશે. આર્થિક દ્રષ્ટિએ એ મહદંશે સજીવ ઉત્પાદનની માંગ પર નભે છે એ જોતાં ખેતરોમાં થનારા જી.એમ.ના પ્રયોગોને લગતા વ્યાવહારિક નિર્ણયો લેવામાં કંપનીની ભૂમિકા જોખમભરી બની જાય છે.*

*પર્યાવરણને લગતી સમગ્ર વિચારણામાં કેટલાક પ્રશ્નો ઉદભવે છે. એક પ્રશ્ન એ છે કે નિકાસ પર આ પ્રકારનું અવલંબન પર્યાવરણની દ્રષ્ટિએ લાંબા સમય સુધી ટકી રહેશે કે પછી સ્થાનિક ઉત્પાદન તરફ વળી જવાની જરૂર મહત્વની છે. વિવિધ પ્રકારની ખેતી ધરાવતા ખેતરો મોટા પાયે એરંડો ઉગાડતા થઇ જઈ શકે એ પણ એક ચિંતાજનક મુદ્દો છે. આ સંશયના પ્રત્યુત્તરમાં, સાત્વિકને લાગે છે કે હાલની વેચાણ-બજારના મહત્વની પરિસ્થિતિમાં આ સંપર્ક (એ સ્થાનિક બજારની સાંકળમાંથી બહાર નીકળી જવા છતાં) વરસાદ-આધારિત ખેતીને આર્થિક રીતે સફળ થવામાં મહત્વનો ભાગ ભજવે છે. સાત્વિકના જૂથને લાગે છે કે એરંડા તરફી વળાંક સંપૂર્ણપણે નહિ આવે, ખેતીવાડીના ત્રણ પારંપરિક પ્રકારો (નાણાં ઉપજાવતો પાક, ખોરાક માટેનો પાક, ઘાસચારાનો પાક) ચાલુ રહેશે.*

એમાંથી તેલ બનાવીને જર્મન કંપની 'વાલા'ને નિકાસ કરે છે. એમનો મુખ્ય હેતુ એ જ રહ્યો છે કે કડીઓ એવી રીતે ગોઠવવી જેને પરિણામે ખેડૂતને સારો ભાવ મળી રહે અને એનું શોષણ ન થાય. સેતુ, સાત્વિક, ખેડૂતોની સમિતિઓ અને મુખ્ય ખરીદનાર ભેગાં થઇ ભાવની પદ્ધતિ નક્કી કરે છે, જેમાં એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમિટી - ભુજ (એ.પી.એમ.સી.)ના એક સપ્તાહના ન્યૂનતમ ને મહત્તમ ભાવોની સરેરાશ કાઢી તેમાં ૧૩% અપેક્ષિત વધારો ઉમેરવામાં આવે છે. શરૂઆતમાં સજીવ ખેતીનું પ્રમાણપત્ર વિનામૂલ્યે મળતું હતું, પરંતુ સેતુએ માસિક રૂ. ૭૫ની ફી લેવાનું ચાલુ કર્યું છે ત્યારથી પ્રમાણપત્ર મેળવવા ઈચ્છતા ખેડૂતોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થઇ ગયો છે. તાજેતરમાં ૨૦૦થી ૨૫૦ ખેડૂતો આમાં સંકળાયેલા છે, જેમાંના ૧૫૦ જેટલા નિયમિત સભ્યો છે. વેચાણ-બજાર માટે અલગ એકમની જરૂરિયાત વરતાવાને પરિણામે 'ફસલ ઉત્પાદક કંપની' નામની સંબધિત ખેડૂતોની ઉત્પાદક કંપનીની સ્થાપના થઇ, જે હવે લગભગ સ્વતંત્રપણે સજીવ ખેતીનું પ્રમાણપત્ર મેળવવાનું કાર્ય સંભાળે છે.

### કાલા કોટન પ્રારંભિક પ્રયાસ

'કાલા કોટન' એ કચ્છના ઘણા પ્રદેશોમાં પારંપરિક ઢબે ઉગાડવામાં આવતા વરસાદ-આધારિત ટૂંકા ગાળાના કપાસના પ્રકારનું નામ છે. સાત્વિક, સેતુ અને ખમીરના બૃહદ સંકલન અંતર્ગત , સુતરાઉ કાપડ બનાવવાની પ્રક્રિયામાં તેને ઉગાડવાના સમયથી માંડીને બજારમાં વેચાવા સુધીના વિવિધ તબક્કાને આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવે છે જેને પરિણામે ખેડૂતો તથા વણકરોને પણ આ પ્રક્રિયાથી લાભ થાય.

કાળી ભેંસ દ્વારા થતા પાકના અનહદ નુકસાનને કારણે આ પ્રદેશમાં સમગ્રતયા કાલા કોટનના ઉત્પાદનમાં ઘટાડો થયો છે. હાલમાં ખમીર, રાપર ઉત્પાદક કંપની (જુઓ બોક્સ ૫) આદેસરના માખેલ વિભાગમાં આવેલા ૫ ગામડાઓના ૧૬૦ ખેડૂતો પાસેથી કાલા કોટન મેળવે છે. આ પ્રક્રિયાના પ્રયોગના પ્રારંભિક વર્ષો (૨૦૦૬-૦૭)માં ૭૦૦-૮૦૦ ખેડૂતો સંકળાયેલા હતા.

### બોક્સ ૫: રાપર ઉત્પાદક કંપની

*મખ્યાર ગામડાના કલ્યાણભાઈ નાથુભાઈ માળવી આદેસરમાં આવેલી, કાલા કોટનના ઉત્પાદન સાથે સંકળાયેલા ૨૨-૨૩ કુટુંબો ધરાવતી રાપર ઉત્પાદક કંપનીના નિયામક છે.*

*ઉત્પાદક કંપનીની નોંધણી ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ થઇ હતી. કંપનીમાં ૧૦ નિયામકો છે. રૂ. ૫૦૦ના મૂલ્યનો એક એવા ૨૦ શેર ધરાવતા પ્રત્યેક નિયામકની રૂ. ૧ લાખની મૂડી છે. આમાંના ૩ નિયામકો અગાઉ ફસલ ઉત્પાદક કંપનીમાં હતા. એવી આશા સેવવામાં આવે છે કે એક દિવસ ઉત્પાદક કંપની (પી.સી.) આર્થિક રીતે એટલી સદ્ધર થઇ જશે કે પ્રક્રિયામાં સુવિધા વધારવા માટે સતત કાર્યરત રહેતી સ્થાનિક સેતુ સંસ્થાને ટેકો આપવા પૂરતી ખમતીધર થઇ જાય.એનો આશય કાલા કોટન તથા એરંડાનું વેચાણ કરવાનો છે. સજીવ એરંડામાં ૧૮% નફો થાય છે, જેમાંથી 13% ખેડૂતોને ફાળે જાય છે અને ૫% હિસાબનીશને તથા ઓફિસના અન્ય ખર્ચમાં જાય છે. પ્રમાણપત્રનું કાર્ય અગાઉ અભિયાન દ્વારા થતું હતું, હવે પી.સી. એ કાર્ય કરે છે. એ મગ તથા બાજરીના ઉત્પાદનને પણ પ્રોત્સાહન પૂરું પડે છે. એમાં વપરાતી વસ્તુઓ સજીવ તથા રાસાયણિક, એમ બંને પ્રકારની છે. પશુપાલનને લગતી પ્રવૃત્તિમાં પશુઆરોગ્યની સેવા તથા કાકરેજના ભેંસ, બળદ જેવા પારંપરિક પ્રકારોના મહત્વ અંગે સભાનતા જગાવવાનો તેમ જ ખેતીવાડીમાં સંપૂર્ણપણે ટ્રેક્ટર વાપરવાની જે ચળવળ શરૂ થઇ છે તે અંગે ચર્ચા-વિચારણા આરંભવાનો સમાવેશ થાય છે. ઘાસચારાના સંગ્રહના પ્રશ્ન પર પંચાયતોની સાથે મળીને કામ કરવાની તેની યોજના છે.*



*કાંકરેજના ઢોર*

## સજીવ પશુઆહાર તથા સજીવ દૂધ મેળવવાના પ્રયાસો

સહજીવન તથા સાત્વિક સાથે મળીને સજીવ દૂધ મેળવવાની સંભવિતતા જાણવા પ્રયત્ન કરતા હતા અને હજી પણ એ પ્રયત્ન સાકાર કરવા માટે પડકારો સામે લડી રહ્યા છે. ૨૦૧૨માં સાત્વિકે આને લગતા અવલોકન તથા સમાલોચનાને આધારે નોંધણીનો એક તબક્કો પૂરો કર્યો હતો, અને એવું અવતરણ નીકળ્યું હતું કે સજીવ દૂધ ખાતરીપૂર્વક મેળવવા તથા કચ્છમાં તેનું વિતરણ કરવા સામે ઘણા પડકારો ઊભા છે. સૌથી મોટી મુશ્કેલી સજીવ ઘાસચારો તથા પશુઆહાર મેળવવાની છે.

અગાઉ કચ્છના મોટા ભાગના પ્રદેશોમાં વરસાદ-આધારિત પાકતા કાલા કોટન અને ગુવાર પશુઆહાર માટે ઉપયોગમાં લેવાતા. એ સમયની આર્થિક પરિસ્થિતિમાં આ શક્ય હતું. મોટા જીનમાં કાલા કોટનનું બિયારણ છોડી દેવામાં આવતું હોવાથી હવે તે લુપ્ત થવા માંડ્યું છે. અગાઉ નાના જીન મારફતે કપાસનું બિયારણ સ્થાનિક બજારમાં મળતું. ગુવારના બિયારણનો ઉપયોગ અન્યત્ર થાય છે. આને પરિણામે હવે પશુઆહાર બહારથી ખરીદવો પડે છે અને એમાં મોટે ભાગે ઘઉંનું થૂલું તથા બીટી કોટનનો ખોળ મળે છે. આ પરિસ્થિતિમાં કશેકથી સજીવ આહારનો ખાતરીપૂર્વકનો પૂરવઠો મળતો રહે એ ઘણા મહત્વની વાત છે. આને માટે કાલા કોટનના ખોળ તથા ગુવારને પણ ફરીથી ઉપયોગમાં લેવાના પ્રયાસો થાય છે, પરંતુ હાલમાં, મુખ્ય પડકાર કાર્યપદ્ધતિનો, પશુઆહારના મૂલ્યના ગણિતનો છે. (એનો અન્યત્ર ઉપયોગ આર્થિક રીતે વધુ લાભદાયી હોઈ શકે, અથવા અહીં તે ઘણું વધારે મોંઘું પુરવાર થાય.) જીવનશૈલીમાં થયેલા ફેરફાર તથા પશુઆહારના વિકલ્પોમાં તૈયાર આહારની માંગ જેવા પડકારો પણ ઊભા થયા છે." જે સમાજમાં માણસો માટેના રસોડા ક્રમશઃ લુપ્ત થઇ રહ્યા છે ત્યાં પશુઓ માટેના રસોડાની અપેક્ષા કઈ રીતે રખાય?" ધીમે ધીમે બદલાતા જતા સમાજમાં, ઘરે પશુઆહાર બનાવવામાં ઘણો સમય વ્યતિત કરી શકે એવા લોકોની જરૂરિયાત માગતા ઉપાયો શોધવા મુશ્કેલ છે એ બાબત સમજાવતાં સાત્વિકના શૈલેશ વ્યાસે પ્રશ્ન કર્યો. આવી પરિસ્થિતિમાં, તૈયાર અને ઝડપી ઉપાયો જ કામ કરે છે.

અહીં માત્ર સજીવ પશુઆહાર તથા ઘાસચારો મેળવવાનો પ્રશ્ન જ નથી, કોઈ પણ તબક્કે કશી પણ ભેળસેળ (પાણી કે નિર્જીવ દૂધ ભેળવવું) ન થાય એ અંગે તકેદારી રાખવાનો પણ છે. આ ઉપરાંત,પ્રમાણપત્ર મેળવવા માટેના માપદંડો પણ ઘણા કઠિન છે, જેમાં, દૂધમાં રસાયણો ન હોવાનું પ્રમાણપત્ર જ નહિ જમીન અંગેનું પ્રમાણપત્ર પણ જરૂરી હોય છે. (ઘાસચારો ૮૫% સજીવ હોવો જરૂરી છે), જે હાંસલ કરવું મુશ્કેલ છે. બન્ની ઘાસિયાભૂમિના ગોવાળો પાસેથી મળતા દૂધ માટે જમીનને લાગતો પ્રશ્ન સરળ છે કારણ કે અહીં મુખ્યત્વે બન્નીની

ઘાસિયાભૂમિ જ છે, પરંતુ અહીં પણ કેટલીક જરૂરિયાતો સંતોષવી મુશ્કેલ છે. નિશ્ચિત ધારા-ધોરણોમાં, પશુઓને નિર્ધારિત સમય સુધી જ તડકામાં અને છાંયામાં રાખવા, દૂધ દોહતી વખતે તેમના શરીર પર છાણ ચોંટેલું ન હોવું જોઈએ, વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. સ્વચ્છતા અને સારસંભાળ અંગે ભિન્ન વિચારો ધરાવતા પ્રદેશમાં પશુપાલનની જે રીતિઓ પ્રચલિત છે ત્યાં આવા ધારા-ધોરણોને વળગી રહેવાનું મુશ્કેલ છે. સાત્વિકના મત મુજબ, પ્રમાણિત સજીવ દૂધ મેળવવા માટે સજીવ પશુઆહાર તથા ઘાસચારો મેળવવાના મોટા પડકારોને ઉકેલવા ઉપરાંત ધારા-ધોરણોમાં તેમ જ પશુઓને રાખવાની આપણી પદ્ધતિમાં કેટલાક ફેરફાર આણવા જરૂરી છે.

### *૨. ૨. ૧બ સિંચાઈ-આધારિત ખેતીના ક્ષેત્રે*

#### સિંચાઈ-આધારિત ખેતીને સજીવ તરફ વાળવાના પગલાને અપાતી સુગમતા

સાત્વિક એવી સમજણ ને માન્યતા ધરાવે છે કે કચ્છમાં થતી વરસાદ-આધારિત ખેતી સજીવ જ છે કારણ કે કચ્છ જેવા પ્રદેશમાં વગર પાણીએ જે જાતના પાક ઉગાડવામાં આવે છે તેમને રાસાયણિક ખાતરની જરૂર જ નથી. આ ઉપરાંત, વરસાદ-આધારિત ખેતી કરતા ખેડૂતોને નિર્જીવ ખાતર વાપરવું પોસાય એમ જ નથી. સાત્વિકના અભિપ્રાય મુજબ સિંચાઇ-આધારિત ખેતી કરતા ખેડૂતને સજીવ ખેતીની પદ્ધતિ અંગે વધુ સજાગ કરવાની જરૂર છે. આનું વધારે મહત્વ એ કારણે છે કે ઘણા વરસાદ-આધારિત ખેડૂતો સિંચાઈ-નિર્ભર ખેડૂતોની પદ્ધતિની સ્પર્ધા કરવા માંડ્યા છે, અને તેઓ પાણી ને રાસાયણિક ખેતી પદ્ધતિ તરફ વળી જાય એવી શક્યતા છે. આ પદ્ધતિઓનો વધારે પ્રસાર થાય એવી તાલીમ શિબિરો યોજવાનો અને ખેડૂતોને, તેઓ સજીવ ખેતી તરફ વળે એ અંગેની માહિતી અને વૈજ્ઞાનિક પદ્ધતિ મળી શકે તે માટે મદદરૂપ થવાનો આ અભિગમ છે.

સમય સાથે પ્રસારના કેન્દ્રબિંદુમાં ફેરફાર થયો છે. અગાઉ સજીવ ઉત્પાદન વેચવા માટેની આવડત કેન્દ્રસ્થાને હતી, હવે વિજ્ઞાનના આધારે ખેતીના પોષક ગુણો વધારવા પર વધુ ધ્યાન અપાય છે. સમયાંતરે જમીનના પ્રશ્નો તેમ જ પાણીનું મહત્વ વધ્યું છે, જ્યારે અગાઉ પાકની વરણી પર વધુ ધ્યાન અપાતું. જમીન પછીનો બીજો મહત્વનો મુદ્દો ઓછી વાવણીમાં વધુ પાક મેળવી શકાય એવા બિયારણની પસંદગીનો છે.

અગાઉ માત્ર એક દિવસની તાલીમ યોજાતી. હવે ત્રણ પ્રકારની સમય અવધિની તાલીમ અપાય છે. ૧ દિવસ (જેમાં સજીવ ખેતીના ફાયદા તથા તેની પદ્ધતિ, તેમ જ સજીવ ખેતીના વેચાણ અંગેની તાલીમ પર ભાર મૂકવામાં આવે છે), ૩ દિવસ (જેમાં સજીવ ખેતી સંબંધિત પદ્ધતિ, તેની પાછળ રહેલો તર્ક, અને પરસ્પર અનુભવની આપ-લેનો સમાવેશ થાય છે) અને ૧ મહિનો (જેમાં બધું વધુ પાકે પાયે થાય છે). મહિના સુધી ચાલતી તાલીમ વર્ષમાં એક વાર યોજાય છે જ્યારે અન્ય બે પ્રકારની તાલીમ વર્ષમાં ૨-૩ વાર યોજવામાં આવે છે.

કચ્છના કેટલાક પ્રદેશો, લુપ્ત થતી જતી ઘોરાડ પક્ષીની જાતિ માટે મહત્વનું રહેઠાણસ્થાન છે, જે ખેતરો તથા ઘાસિયા વિસ્તારોમાં રહે છે. સજીવ ખેતીનું મહત્વ સમજાવવા અબડાસાની ૧૦ પંચાયતોને એકત્ર કરી સહજીવન અને સાત્વિક સાથે મળીને એ વિસ્તારમાં રહેતી ખેડૂત પ્રજાને સજીવ ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવાની યોજનાઓ ઘડી રહ્યા છે. ૫-૬ પંચાયતો પાસે પીપલ્સ બાયોડાયવર્સીટી રજિસ્ટર તૈયાર

કરાવવાનું ચાલુ કરી સજીવ ખેતી પરનું કાર્ય શરૂ તો કરી જ દીધું છે.

### સજીવ ખેતીના પ્રયોગો

તાલીમ આપવાની સાથોસાથ, રસ ધરાવતા સજીવ ખેતીના સિંચાઈ-નિર્ભર ખેડૂતોના સહકારથી



*મગનલાલભાઈ: સજીવ ખેડૂત*

સાત્વિકના પોતાના પ્રયોગો તો ચાલુ જ છે. તેનો હેતુ, સજીવ ખેતી ટકી રહે તે માટેના વધુ સારા વિવિધ માર્ગો સમજવાનો છે. આમાં, સજીવ બિયારણના ઉત્પાદક ખેડૂત મગનલાલ આહિર, જેઓ બિયારણને કેન્દ્રસ્થાને રાખી સાત્વિકના પ્રાવૈધિક સહકારથી પ્રયોગો કરે છે (જુઓ બોક્સ ૬) તેઓ, કે પછી, ખેતીમાં પશુધનનું ઘણું મહત્વ છે એ વિષે દ્રઢ માન્યતા ધરાવતા મનોજ સોલંકી જેવા લોકોનો સમાવેશ થાય છે. અગાઉ ઉલ્લેખ થયો છે તે સજીવ ખેતીની તાલીમમાં આ ખેડૂતો માહિતી પ્રદાન કરતી વ્યક્તિઓ તરીકે પણ કામ કરે છે.

### *૨.૨.૧.૬ ખેતીવાડીમાં સમગ્રતયા કરવાયોગ્ય અભિગમ અંગે ચર્ચા-વિચારણા*

ખેતીવાડીને લગતા પ્રારંભિક પ્રયાસોમાં બહોળા ફલક પર નીચે મુજબ સફળતા પ્રાપ્ત થઇ છે:

- વરસાદ-આધારિત ખેડૂતો માટે વેચાણ-બજારની સ્થાપના
- સંઘરવાને બદલે વંશવૃદ્ધિ કરીને બિયારણની સાચવણી કરવી તેમ જ

### બોક્સ ૬: મગનલાલ આહિરની કાયાપલટ

*૨૦૦૭માં મગનલાલ આહિરે એમની કુલ ૨૦ એકર જમીનમાં પથરાયેલા ખેતરમાંથી ૫ એકર જમીન પર સજીવ ખેતી કરવાનું ચાલુ કર્યું. ૨૦૧૧ સુધીમાં એમનાં ખેતરો સંપૂર્ણપણે સજીવ ખેતી કરતા થઇ ગયાં. આ સમયે એમનું કુટુંબ આ ફેરફાર અંગે ચિંતિત હતું કારણ કે એમને લાગતું હતું કે આ સરાસર જોખમી પગલું છે. આમાં ખર્ચ પણ ઘણો વધી ગયો હતો. પરંતુ એમણે જ્યારે એમની પુત્રીને એના મિત્રોને કહેતાં સાંભળી કે "મારા પિતા જ્યારે કંઈક નક્કી કરી લે છે ત્યારે પછી એ એમાંથી પાછા હટતા નથી", ત્યારથી એમનું મનોબળ વધુ દ્રઢ બન્યું.*

*જમીન માટે તેઓ મિશ્ર ખાતર, ટાંકીનો કાંપ તથા સેન્દ્રિય ખાતર વાપરે છે. તેઓ કપાસ (નોન-બીટી: દેવીરાજ), એરંડો, બાજરી, તલ, મગફળી, ઘઉં ને ગુવાર ઉગાડે છે. એક પ્લોટમાં હંમેશા સેન્દ્રિય ખાતર વાપરવાનો એમણે નિયમ બનાવી દીધો છે.*

*સજીવ ખેતીની એમની પદ્ધતિ જમીનને જેમની તેમ રહેવા દેવાની નથી. એમાં મહેનત, બિયારણ, પી.એચ. તથા ભેજ જેવાં તત્વો, વિચારો તથા પ્રયોગોનો સમાવેશ થાય છે. સ્વાધ્યાયના પ્રભાવ હેઠળ તેઓ એવું માનતા થયા છે કે કુદરત જે હકીકત પ્રસ્તુત કરે છે તેની અવગણના કરવાને બદલે તેને સ્વીકારી લેવી, અન્ય ખેડૂતો પાસેથી વિનમ્રભાવે શીખવું, ખેડૂત ન હોય એમની પાસેથી પણ શીખવું, અને પોતે જે કાંઈ શીખ્યા હોય તેમાં અન્યને નિ:સ્વાર્થપણે તથા પ્રેમથી ભાગીદાર બનાવવા.*

બિયારણની વિવિધતા જાળવવી, જે બાબતની સરકાર દ્વારા ઘણી વાર ઉપેક્ષા થતી હોય છે.

- (શરૂઆતમાં) ઉત્પાદક સ્તરે અને તે પછી ખેડૂતના સ્તરે બિયારણની સલામતીનું ધ્યાન રાખવું.
- સિંચાઈ-નિર્ભર ખેડૂતોમાં સજીવ ખેતી પ્રત્યે સજાગતા કેળવવી.

એમના અભિગમના કેટલાક વિશિષ્ટ મુદ્દાઓ:

- આર્થિક સગવડને આધારે લક્ષ્ય નક્કી કરવું કે કાર્યપદ્ધતિ બદલવી એવું ન કરવું.
- બિયારણના પ્રારંભિક પ્રયાસો માટે કે તાલીમ શિબિરોમાં ભાગ લેનારાઓ માટે નાણાંકીય પ્રલોભન ન આપવું.
- એસ.બી.એફ. તથા એસ.પી.એફ. સાથે અનૌપચારિક સંબંધ કેળવવો.
- ભાગીદારો અને ઉત્પાદક કંપનીઓ દ્વારા વિકેન્દ્રિત અભિગમ અપનાવવો તથા ઉત્પાદક કંપનીનું કાર્યક્ષેત્ર સીમિત રાખવું જેને પરિણામે ગ્રામ્ય સ્તરે તેની અસર વર્તાય.

### બાકી રહેતા પડકારો

વરસાદ-આધારિત ખેડૂતો ' સ્વાભાવિક રીતે' જ સજીવ હશે એવી માન્યતાને આધારે હાલમાં સિંચાઈ-નિર્ભર ખેડૂતોને સજીવ તરફ દોરી જવાનો અભિગમ કેન્દ્રસ્થાને છે. આ અભિગમ વ્યવહારુ હોવા છતાં એવું પણ પ્રતીત થયું છે કે ઘણા વરસાદ-આધારિત ખેડૂતોને જો સિંચાઈની સગવડ મળે તો, મહદંશે સિંચાઈ-નિર્ભર ખેતીમાં ઉગાડાતા પાક માટે વપરાતી દવાઓ તથા ખાતર વાપરવા સામે એમને કોઈ દ્રઢ વિરોધ નથી. આ પરિસ્થિતિમાં, હાલમાં વપરાતી સિંચાઈ-નિર્ભર ખેતીની લાંબે ગાળે થનારી અસર તેમ જ વરસાદ-આધારિત ખેતીની પ્રથાની વિશિષ્ટતા અંગેની માહિતી મહત્વની બની રહે છે. સાત્વિકના કહેવા મુજબ, વરસાદ-આધારિત ખેતીની પદ્ધતિની ખાસ નોંધણી થઇ હોય કે તે વિષે માહિતી એકત્ર થઇ હોય એવું નથી. આ વિષમતા હંમેશની રહી છે ને તે ચિંતાજનક છે.

કોઈ પણ કાર્યનું સીધું પરિણામ તથા વાસ્તવિક સ્તરે તેના પ્રયોગો ભાગીદાર તેમ જ વ્યક્તિ પર નિર્ભર કરે છે, જેને લીધે એવા દાખલા પણ બન્યા છે જ્યાં ભાગીદારે કરેલા કાર્ય પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં નથી આવતું અથવા તો એ એક મૂલ્યવાન સૂચન તરીકે નહિ પરંતુ એક યોજના તરીકે અમલમાં મૂકવામાં આવે છે. દા.ત. નલિયામાં આવેલા વી.આર.ટી.આઈ.માં એક જ પ્રદેશના જુદા જુદા ગામડાઓમાં એક પરંપરાગત બિયારણ પર (સાત્વિક સાથે) અને બીજી રસાયણોને મહત્વ આપતી જાતો (કેર કારગીલ સાથે) પર, એમ બિયારણની બે યોજનાઓ સમાંતર રીતે ચાલે છે.

સજીવ પ્રમાણપત્રની યોજના માટે બહારની બજાર પર મહત્વનો આધાર રાખવો પડે છે તે અંગે પણ ચિંતા સેવાય છે. આર્થિક દ્રષ્ટિએ જોઈએ તો આ આધાર વ્યાજબી છે, પરંતુ એને પરિણામે આપણે પર્યાવરણ પર નભી શકે એવી ખમતીધર સ્થાનિક અર્થવ્યવસ્થાથી દૂર થતા જઈએ છીએ. આમ છતાં, આની સાથોસાથ સજીવ ઉત્પાદનો (જેવાં કે સજીવ પશુ-આહાર / સજીવ દૂધ)ને સ્થાનિક જરૂરિયાત માટે ચલણમાં લેવાના પ્રયાસો થઇ રહ્યા છે, પરંતુ અગાઉ જણાવ્યું તેમ પશુ-આહારને સ્થાનિક ચલણમાં પાછો લાવવાનો પડકાર હજી ઊભો જ છે.

### ૨.૨.૨. પશુ-ઉછેર તથા ગોપાલકો

સહજીવન (જેનો શાબ્દિક અર્થ થાય છે સાથે જીવવું) એવું દ્રઢપણે માને છે કે પશુ-ઉછેરનું કાર્ય ચાલુ રહેવું અતિ મહત્વનું છે. જાતિ તથા જાળવણીને

લક્ષમાં રાખી પરંપરાગત પશુ-ઉછેરની વ્યવસ્થા કઈ રીતે ફરીથી ઊભી કરવી એ આ પ્રારંભિક પ્રયાસોનો ઉદ્દેશ છે. સમય જતાં આ અભિગમે વિવિધ પાસા અને ઉકેલો પોતાનામાં સમાવ્યા છે. મૂળભૂત રીતે, સહજીવનના સભ્યોના કહેવા મુજબ સહજીવનનું કાર્ય આગળની ને પાછળની કડીઓ જોડવાનું છે. (જુઓ કોઠો ૨) આગળની કડીઓ, પશુ-ઉછેર આર્થિક દ્રષ્ટિએ ટકી શકે એવું બનાવવાને લગતી છે. આમાં, ગામડાઓને ડેરી સાથે જોડાવામાં મદદ કરવી તથા અન્ય ઉત્પાદનો બનાવવા ને તેનું વેચાણ કરવામાં સુગમતા કરી આપવાનો સમાવેશ થાય છે. (ઘેટાનું ઉન, ઊંટનું ઉન, ઊંટડીનું દૂધ, ગાયનું દૂધ, ઘી/સફેદ માખણ સાથેના પ્રયોગો ચાલુ છે.) પાછળની કડીઓ, પશુ-ઉછેરની જાળવણીને આડકતરી રીતે પરંતુ ખાતરીપૂર્વક અસર કરતા તત્વો (જેવા કે ચરવા માટેની જમીન, સ્થાનિક પશુઓ, પરંપરાગત માહિતી, સામાજિક સંબંધો તથા અન્ય લોકો સાથેના સંબંધો)ને મજબૂત બનાવવાને લગતી છે.

### *૨. ૨. ૨અ આગળની કડીઓ*

#### ડેરી-કથા

૧૯૮૧માં સરકાર દ્વારા કચ્છ ડેરીની સ્થાપના થઇ. ૧૯૯૭માં આ ડેરીનું કાર્ય બંધ કરવું પડ્યું, જેના પછી ઘણાં વર્ષો સુધી કચ્છમાં સરકારી સહકારથી દૂધ-વેચાણની વ્યવસ્થા નહોતી. અભિયાનના સહયોગથી એમ.ઓ.આર.ડી. (મિનિસ્ટ્રી ઓફ રૂરલ ડેવલપમેન્ટ) દ્વારા શરૂ કરવામાં આવેલી દુષ્કાળ-નિવારણ યોજનાના ભાગરૂપે પશુ-ઉછેરને મહત્વનો લેખવામાં આવ્યો. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડને આ સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવી કચ્છમાં ડેરી શરૂ કરવાનો અનુરોધ કરવામાં



*ડેરીની શરૂઆત પછી ફરીથી ચાલુ થયેલો ભેંસ-ઉછેર*

*કોઠો ૨: પશુધનની જાળવણી માટે સહજીવનનો અભિગમ*

| લક્ષ્ય | અભિગમ |
|---|---|
| પશુધનની જાળવણીનું કામ આર્થિક રીતે ટકી શકે એવું બનાવવું (આગળની કડી) | ડેરી સાથેના તેમ જ દૂધ તથા તેને લગતા અન્ય ઉત્પાદનો માટે સ્ત્રી-સંગઠનો સાથેના સંપર્ક માટે સુગમતા કરી આપવી, ઘેટાના તથા ઊંટના ઉનમાંથી બનાવાતી વસ્તુઓને પ્રોત્સાહન આપવું. |
| પશુધનને રાખવા માટે આવશ્યક પરિસ્થિતિને મજબૂત બનાવવી (પાછળની કડી) | સંશોધન ક્ષેત્રે સહાયક પ્રારંભિક પ્રયાસો, સહયોગી મદદનો અંદાજ, જમીન પર દાખલ થવાના તથા તેનો વહીવટ કરવાના હક્ક, સરકાર પાસે રજૂઆત, પશુઆરોગ્ય સેવાઓમાં સહકાર દ્વારા પશુ-જાતિઓની તથા ઘાસિયાભૂમિની જાળવણી કરવી. |



*ડેરીને કારણે આ રબારીઓ લખપત પરત આવ્યા*

આવ્યો. શરૂઆતના થોડા ખચકાટ પછી (૨૦૦૪-૦૫માં) એન.ડી.ડી.બી.એ કાર્ય કરવાનું ચાલુ કર્યું. સહજીવને નખત્રાણામાં પ્રારંભિક પ્રત્યક્ષીકરણનો નાના પાયાનો પ્રયાસ કર્યો. દૂધ એકત્ર કરવાનું, વેચવાનું તેમ જ સમગ્ર પ્રક્રિયાનો વિકાસ કરવા માટેનું તાલીમપત્રક તૈયાર કર્યું. આના અમલીકરણ માટે સૈયર-જો-સંગઠન (જુઓ બોક્સ ૭) દ્વારા સ્ત્રીઓના જૂથની રચના કરી. અભિયાન દ્વારા, આ યોજનાનો અન્યત્ર અમલ કરવાની ખાતરી આપવામાં આવી અને પશુરોગ નાથવાની તાલીમ પણ શરૂ કરવામાં આવી.

૨૦૦૮ અને ૨૦૧૦ના સમયગાળામાં દૂધની વ્યવસ્થાનું કાર્ય સ્ત્રીઓનાં જૂથોને હસ્તક સોંપવામાં આવ્યું, અને સહજીવને પશુઓની જાળવણીના કાર્ય પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા માંડ્યું. ૨૦૦૭માં જ્યારે આની શરૂઆત થઇ ત્યારે એમાં માંડ ૪૦ ગામડા સંકળાયેલાં હતાં અને ૨૨૦ લીટર દૂધ

### બોક્સ ૭: દૂધ સંગઠન તથા સૈયર-જો-સંગઠન (એસ.જે.એસ.)ના અન્ય સંકલિત કાર્યો

*પર્યાવરણ અંગેની સજાગતા તેમ જ ખેતીવાડી અને પશુ-ઉછેરમાં સ્ત્રીઓના અનુદાનને પ્રકાશમાં લાવવાના ઉદ્દેશથી (કે.એમ.વી.એસ.માંથી) ઊભું થયેલું આ સંગઠન ૪૫૦૦ સભ્યો તથા ૨૧૭ એસ.એચ.જી. ધરાવતા ૮૦ ગામડાઓમાં વિસ્તરેલું છે. સ્ત્રીઓ સ્થાનિક રેડિયો પણ ચલાવે છે. સમગ્રપણે જોતાં તેઓ ત્રિપક્ષી અભિગમ ધરાવે છે: આર્થિક (સહકાર તથા સામર્થ્ય પ્રદાન), સામાજિક (સ્વાસ્થ્ય તથા હિંસાને લગતા પ્રશ્નો પ્રત્યે સજાગતા) અને રાજકીય (પંચાયત સ્તરે કાર્યરત). દુષ્કાળના સમયમાં હસ્તકળાનું કાર્ય શરૂ કર્યા બાદ સ્ત્રીઓએ પૈસા બચાવવાનું શરૂ કર્યું. હકીમાબેન સ્પષ્ટતા કરતાં કહે છે "અમને થયું કે અમારી મિલકત પુરૂષોના નામ પર છે, તો અમારે અમારા પોતાના માટે મૂડી એકઠી કરવી જોઈએ." ખેતીવાડીમાં ખર્ચ ઘણો મોટો હતો અને દૂધ માટે કોઈ સગવડ નહોતી. ૨૦૦૮માં શ્રી પશ્ચિમ કચ્છ બચત વિધિ મહિલા સહકાર મંડળ નામની બચતમંડળીની નોંધણી થઇ. આમાં, બચત માટે નિયત કરેલા નિયમો (ઓછામાં ઓછા રૂ. ૧00), દર મહિને ભિન્ન જૂથોની બેઠક (૪ જૂથ) તેમ જ વિભિન્ન કારણો માટે જુદા જુદા દરે અપાતા નાણાં-ધિરાણ (લગ્ન માટેના ધિરાણ પર અંકુશરેખા છે, અને અન્ય કારણોસર અપાતા ધિરાણની સરખામણીએ વરસાદ-આધારિત ખેતીને લગતા ધિરાણને અગ્રિમતા અપાય છે)નો સમાવેશ થાય છે. બચત કાર્યક્રમ સાથે સંકળાયેલા મોટા ભાગના સભ્યો ખેતીવાડી, પશુ-ઉછેર, હસ્તકળા જેવા અન્ય જૂથો સાથે પણ જોડાયેલા છે. આ યોજના અંતર્ગત ખેતીવાડી તથા પશુ-ઉછેર માટે જરૂરિયાતમંદોને ધિરાણ અપાય છે. એસ.જે.એસ. સાથે છેલ્લાં ૧૫ વર્ષથી સંકળાયેલા, કે.એમ.વી.એસ.ના ટ્રસ્ટી ખત્તાબેનના અભિપ્રાય મુજબ સશક્તિકરણ, નાણાં ધીરનારના હાથે થતા શોષણમાંથી મુક્તિ તેમ જ સ્ત્રીઓની સ્વાયત્તતા ઊભી કરવાના કાર્યમાં એસ.જે.એસ. કાર્યરત રહ્યું છે. એમને લાગે છે કે આને પરિણામે એમણે પોતે પોતાની જિંદગીમાં સ્વતંત્રતાનો અનુભવ કર્યો છે. સાત્વિક તથા સહજીવનના અનુક્રમે બિયારણ-જાળવણી અને દૂધ-વિતરણના કાર્યમાં એસ.જે.એસ. ભાગીદાર છે.*

*સૈયરી પશુપાલન અને ખેત ઉત્પાદન પ્રોડ્યુસર કંપની ખેતીવાડીની પેદાશ તેમ જ દૂધ-વેચાણના કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે. એમાં ૧0 ડાયરેક્ટર, ૧ સી.ઈ.ઓ. અને ૨૨૫ શેર-ધારકો છે. આની સ્થાપનામાં સફળતા અને નિષ્ફળતા બંને સાંપડેલા. લાચારીવશ ગાયોના થતા વેચાણને અટકાવવા કંપનીએ ગાયનું ઘી બનાવવાનો તથા વેચવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વિતરણમાં નડતી મુશ્કેલીઓ તેમ જ સારી ગુણવત્તાનું ઘી બનાવવામાં થતા ભારે ખર્ચને પરિણામે એમને રૂ. ૩ લાખ જેટલું નુકસાન ભોગવવું પડ્યું.*

એકત્રિત થતું હતું. આ વધીને આજે ૭૦૦ ગામડાઓ (૮૦થી ૯૦ હજાર કુટુંબો)માંથી એકત્ર થતા ૩.૫ લાખ લીટર દૂધ સુધી પહોંચ્યું છે. ડેરી તથા ચિલીંગ પ્લાન્ટની સમગ્ર વ્યવસ્થાને લીધે ગામડાઓમાં જીવનનિર્વાહનાં સાધનો ઊભાં થયાં છે, જ્યાં અગાઉ લોકોને લાચારીવશ કારખાનાઓમાં નોકરી કરવા માટે મોટાં ગામો તથા શહેરોમાં જવાનો જ વિકલ્પ હતો. (જુઓ બોક્સ ૮)

### ઊંટ અને ઘેટાનો જીવંત રહેલો વ્યવહાર

ડેરીએ ગાય અને ભેંસ રાખતા કુટુંબોને મદદ કરી, પરંતુ ઊંટ અને ઘેટા પ્રત્યે ઉદાસીનતા સેવી. ખાસ કરીને ઊંટલક્ષી પાલકપ્રથા જોખમમાં છે. ડેરીઓ ઊંટડીનું દૂધ નથી લેતી. યંત્રીકરણ થવા અગાઉ જમીન ખેડવા માટે કે મુસાફરી માટે ઉપયોગમાં લેવા ઊંટ મોકલવામાં આવતા, પરંતુ હવે આ કામ ઓછું થવા માંડ્યું છે. એમને માટેની ઘાસચારાની જગ્યા પર પણ ઉદ્યોગો આવવા માંડ્યા છે. સહજીવને આંકેલા આંકડા મુજબ ૧૯૯૭માં વસતા ૧૭૦૦૦ ઊંટની જગ્યાએ ૨૦૦૭માં ૮૦૦૦ ઊંટ છે (માત્ર ૨૫૦ કુટુંબો ઊંટ રાખે છે.) દાખલા તરીકે, લખપતના સંવાર ગામડામાં (જેનો ડેરી-આધારિત જીવનનિર્વાહના સંદર્ભમાં બોક્સ ૮માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) રહેતા ઊંટ માલધારીઓના કહેવા મુજબ, આર્થિક રીતે નિભાવી ન શકાવાને કારણે તેઓ હવે ઘણા ઓછા ઊંટ રાખી શકે છે.

### બોક્સ ૮: ડેરી અને જીવન-નિર્વાહ

#### *ગામડું, જે ફરીથી વસ્યું*

*લખપતમાં આવેલા સંવાર ગામડાની વાત રસપ્રદ છે. જૂની સ્મૃતિ વાગોળતા જીવાભાઈ કાનાભાઈ રબારી કહે છે કે ૭ વર્ષના દુષ્કાળ પછી ૮૦ કુટુંબોમાંથી બચેલા માત્ર ૧૩ કુટુંબો ધરાવતું ગામ ૨૦ વર્ષ અગાઉ ખાલી થઇ ગયું હતું. ડેરીની શરૂઆત થયા પછી છેલ્લાં થોડાં વર્ષમાં કુટુંબો પરત આવવા માંડ્યા છે, અત્યારે ગામડામાં લગભગ ૪૦ કુટુંબો વસે છે. તેઓ પોતે એ સમયે ઘર છોડીને ગયા હતા અને સરકારે એમની જમીન લઇ લીધી હોવાથી તેઓ પાછા નથી આવી શક્યા.*

*લખપતના સંવાર ગામડાના સવાભાઇ રાજાભાઈ એમના કુટુંબ સાથે ઘરે પાછા ફર્યા છે. બાંધકામના કામમાં દાડિયા મજૂર તરીકે કામ કરવા માટે તેઓ ૧૫-૧૬ વર્ષ પહેલાં ગામડું છોડીને ગયા હતા. અત્યારે એમની પાસે ૩ ભેંસ છે, જેનું ૩૦-૩૨ રૂપિયે લીટરના ભાવનું લગભગ ૨૫ લીટર દૂધ રોજ ડેરીમાં જાય છે. પરત ફરવા માટે ડેરી એકમાત્ર નહિ પરંતુ મહત્વનું કારણ હતી. તેઓ વરસાદ-આધારિત ખેતી પણ કરે છે અને મહદંશે એરંડો ઉગાડે છે.*

#### *બન્નીમાં ડેરી*

*ગોરીવેલી પંચાયત હેઠળના અધિયાન ગામડામાં ૨૦૦૮-૨૦૦૯માં ડેરીની શરૂઆત થઇ તે પછી ડેરીએ બન્નીના વણઝારા યુવાવર્ગને પણ જીવનનિર્વાહનું સાધન પૂરું પાડ્યું છે. ૧૦ વર્ષ સુધી મુંબઈ રહ્યા બાદ ૧૯૯૫માં માત્ર એક ભેંસ સાથે દિલથર મૌલાના મટવા અહીં પાછા આવ્યા હતા. હાલમાં એમની પાસે ૧૫-૧૬ ભેંસ છે, જે રોજનું સરેરાશ ૪૦ લીટર દૂધ ડેરીને વેચે છે ને આમ માતબર આવક મેળવે છે. એમને યાદ છે કે તેઓ પહેલાં ભુજ ખાતે ૧૦-૧૧ રૂપિયે લીટર દૂધ વેચતા હતા જેમાં વાહન-વ્યવહારનો થતો ખર્ચ અલગ હતો. એમને લાગે છે કે જો ડેરી ન આવી હોત તો જીવનનિર્વાહ માટે કોલસા પરની નિર્ભરતા વધી હોત અને ગામડામાંથી ઘણા યુવાનો બહાર નીકળી ગયા હોત. હોડકાના હાજીગુલ મોહમ્મદ સિદ્ધિ મને છે કે ૨૦૧૦ પછી ડેરીના પદાર્પણે બન્નીને ઘણી મદદ કરી છે. અગાઉ એમને દૂધ વેચવા તેમ જ દાડિયા મજૂરી કરવા ભુજ જવું પડતું હતું.*



*બકરીઓનું ઝુંડ*

સવાભાઇ રાજાભાઈ ઊંટ માલધારી છે, જેમની પાસે અગાઉ ૫૦ ઊંટ હતા, હવે માત્ર ૮-૧૦ ઊંટ છે (એમણે એમના મોટા ભાગના ઊંટ વેચી દઈને બદલામાં બકરી ખરીદી છે). મામુભાઈ પબવે રબારી પાસે ૬૦-૭૦ ઊંટ હતા જે એમણે ૧૫ વર્ષ પહેલાં વેચી દઈ ઘેટા ને બકરા ખરીદ્યા છે. આ બાબતના સંદર્ભમાં, સહજીવનનો અભિગમ ઊંટની સંખ્યામાં થયેલા ઘટાડાને ચકાસવાનો તથા તેમને માટે ઘાસચારાની સગવડ પર ધ્યાન આપવાનો રહ્યો છે. ઊંટની સંખ્યામાં થયેલા ઘટાડા બાબત, સંસ્થા ઊંટ માટેની આરોગ્યવિષયક સેવા ઊભી કરવાનું તથા પ્રવર્તમાન પરિસ્થિતિમાં જીવનનિર્વાહ માટેના ઉપયોગી સાધન તરીકે એની જરૂરિયાત પર મહત્વ આપવાનું કાર્ય કરે છે. ઊંટની ઉપયોગિતા વધારવા માટે ઊંટડીના દૂધનું વિતરણ કરવાની તેમ જ ઊંટના ઉનમાંથી બનતા ઉત્પાદનો ઊભા કરવાની યોજના છે. જો કે બંને અત્યારે વિચારણાના તબક્કે છે. દૂધ માટે, એનો વેચાણભાવ નક્કી કરવાનું પડકારજનક છે (એને ચરબી-આધારિત નહિ પરંતુ ઔષધિય ગુણો-આધારિત રાખી શકાય), તેમ જ એને પ્રાપ્ત કરવાનાં સ્થળોએ ભેળસેળ ન થવા પામે તે અંગે તકેદારી રાખવી જરૂરી થઇ પડે છે. ઇન્ડિયન ફૂડ સ્ટાન્ડર્ડસ એન્ડ સેફ્ટી ઓથોરીટીના માપદંડ મુજબ ઊંટડીના દૂધની ગણના ખોરાકમાં થઇ શકે તેમ નથી, એટલે તેને વેચાણ-પરવાનગી મેળવવી પડે. સહજીવને આ માટે ચક્રો ગતિમાન કર્યા છે અને ગુજરાત એનિમલ હસબંડરી તથા નેચરલ રિસર્ચ સેન્ટરે એની જવાબદારી લીધી છે. ખમીર સાથેના વ્યાવસાયિક જોડાણ દ્વારા કચ્છમાં ઊંટ-આધારિત જીવનનિર્વાહને સહકાર આપવા માટે ઊંટના ઉનમાંથી વસ્તુઓના ઉત્પાદન તથા વેચાણની યોજના શરૂ કરવામાં આવી છે, પરંતુ તે હજી વિચારણાના તબક્કામાં છે.

### *૨. ૨. ૨બ: પાછળની કડીઓ*

#### પશુઓની વિવિધ જાતોની જાળવણી તેમ જ તે અંગેની સભાનતા

ડેરીના વિસ્તરણ માટે કામ કરતી વેળાએ સહજીવને જોયું કે અન્ય જગ્યાઓની સરખામણીમાં કેટલીક જગ્યાઓએ પશુઉછેરની પરંપરાગત પ્રથા વધુ પ્રચલિત હતી. આને પરિણામે, જાતિ-જાળવણીના કાર્યમાં રસ વધ્યો. સ્થાનિક પશુજાતિઓને 'વર્ણન ન થઇ શકે એવા' વર્ગમાં મૂકવામાં આવી. આને પરિણામે તેમનો વિવિધ સરકારી કે એન.જી.ઓ.ની જાતિ-ઉત્થાન યોજનામાં સમાવેશ ન થઇ શક્યો. સરકાર દ્વારા જાતિઓની લેવાતી નોંધણી તેમ જ પશુ-ઉછેરકો ઊભા કરવાની જરૂરિયાત વરતાઈ. બન્નીની ઘાસિયાભૂમિમાં માલધારીઓ પાસે રહેતી ભેંસ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી આ કાર્યની શરૂઆત થઇ. ૨૦૦૮માં બન્ની પશુ-ઉછેરકો માટે પ્રથમ પશુમેળો યોજવામાં આવ્યો. ઓક્ટોબર ૨૦૦૮ સુધી સંગઠનના માળખા, એના કાર્યક્ષેત્ર તથા એના સભ્યપદ માટે એક કામચલાઉ સમિતિએ કામ કર્યું. ૨૦૦૯માં બન્ની બ્રીડર્સ એસોસિએશન (બી.બી.એ.)ની એક સમિતિ તરીકે નોંધણી થઇ. એપ્રિલ ૨૦૧૦માં, 'બન્ની ભેંસ'ની નોંધણી થઇ. આનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે માત્ર બહારની જર્સી કે હૈફર દ્વારા વર્ણસંકર જાતિ પેદા કરી કચ્છમાં જાતિ-

જાળવણી ન થઇ શકે. ૧૦૦ ભેંસોનો ઉપયોગ કરી જાતિ-જાળવણી પર માર્ગદર્શક અભ્યાસ તૈયાર કરવામાં આવ્યો. આ પ્રક્રિયામાં સ્થાનિક નોંધણી, સ્થાનિક જાણકારો દ્વારા ઘડવામાં આવેલી યોજના તથા ડેરી, આરોગ્ય અને પશુમેળા સંબંધી કરવામાં આવેલા કાર્યોનો સમાવેશ થયો હતો. આગળ જતાં, ઘાસિયાભૂમિની યોજનામાં સમાજના પદાર્પણનો મુદ્દો ઊભો કરવામાં તેમ જ કુદરતી સંપત્તિની વ્યવસ્થા સમાજહસ્તક લેવાના પ્રયત્નોમાં બી.બી.એ. અગ્રસ્થાને રહ્યું. (જુઓ બોક્સ ૯)

ઊંટની જાતિ-જાળવણીનું કાર્ય સરકારી સહાયથી શરૂ થયું. કચ્છના ઊંટ માલધારીઓને એકત્રિત કરવા માટે તાજેતરમાં કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન (કે.યુ.યુ.એમ.એસ.) નામની સંસ્થા સ્થાપવામાં આવી છે અને ૨૦૧૪માં પ્રથમ પશુમેળો યોજવામાં આવ્યો હતો. ઊંટ માલધારીઓના સર્વેક્ષણ દરમ્યાન, કચ્છના ચેરિયા પ્રદેશના પર્યાવરણને સાનુકૂળ બનાવીને રહેતી ખારાઈ ઊંટની એક વણનોંધાયેલી જાતિ પ્રકાશમાં આવી. આ જાતિની હવે નોંધણી થઇ ગઈ છે. ઊંટ વિષયક કાર્ય નવું છે અને કઈ રીતે પરંપરાગત માહિતી જાળવી રાખવી, એમના

### બોક્સ ૯: બન્નીમાં પશુઓને ચરાવવા માટે સમાજના હક્કનો દાવો

*(બન્ની બ્રીડર્સ એસોસિએશન - બી.બી.એ.ના ઈસાભાઈ મુટવાના કહ્યા મુજબ)*

*છેલ્લાં ૭૦૦ વર્ષથી સાઉદી અરેબિયા, ઈરાન અને પાકિસ્તાન જેવા દૂર-સુદૂરના પ્રદેશોમાંથી ગોપાલકો એમના પશુઓને બન્નીમાં ચરાવવા લઇ આવતા અને ૫૦૦ વર્ષ અગાઉ તેઓ કચ્છના પ્રદેશમાં સ્થાયી થઇ ગયા એવી નોંધ છે. ૧૮૮૦માં તે સમયના મહારાજાએ આ જમીનને એમના ચારાની ભૂમિ તરીકે ઘોષિત કરી હતી. એમાં થઈને ૪ ઝરણાં વહેતાં હતાં. (જેમાંના મોટા ભાગના ખારાશને લીધે નાશ પામ્યા છે અથવા તો ઉપરવાસમાં નાના બંધ બાંધેલા હોવાથી એમાં પાણીનું વહેણ ઓછું થઇ ગયું છે.) ૧૯૪૭માં ભારતને સ્વતંત્રતા મળ્યા પછી બન્નીની જમીન તથા વસવાટો અંગે અસ્પષ્ટતા રહી છે. એની ગણતરી મહેસુલી જમીનમાં થતી ન હોવા છતાં ૧૯૬૫માં બન્નીની ૧૩ પંચાયતો તથા ૧૯૯૮માં ૧૯ પંચાયતોની નોંધણી કરવામાં આવી છે. આની સાથેસાથે, ૧૯૫૫માં વનવિભાગે એને આરક્ષિત વન તરીકે ઘોષિત કર્યું. ૨૦૦૧માં ઉદ્યોગોની ઘૂસણખોરી થવા માંડી. ૧૯૫૫ના નકશાને આધારે ૨૦૦૩માં વનવિભાગ દ્વારા કાર્યકારી ધોરણો નક્કી કરવામાં આવ્યા. ૨૦૦૮માં બન્ની ઘાસિયાભૂમિમાં ગોપાલન પ્રવૃત્તિને જીવનનિર્વાહના આધારભૂત સાધન તરીકે સ્થાપિત કરવા માલધારીઓએ બન્ની બ્રીડર્સ એસોસિએશનની સ્થાપના કરી. ૨૦૦૯માં કાર્યકારી ધોરણોનું અમલીકરણ શરૂ થયું ત્યારે બી.બી.એ.એ તેની વિગત જાણવાની માગણી કરી. "અમને એ યોજનામાં રહેલાં જોખમો તથા માલધારીઓના અસ્તિત્વ તેમ જ તેમના થકી થતા કાર્ય અંગેની સજાગતાના ભાનની ગેરહાજરીનો ખ્યાલ હતો." ૨૦૧૧માં 'બન્ની કો બન્ની રહને દો'ના નારા સાથે નીકળેલા લગભગ ૧૦,૦૦૦ માણસોના વિશાળ સરઘસે ભુજનું તેમના પ્રત્યે ધ્યાન ખેંચ્યું.*

*ફેબ્રુઆરી ૨૦૧૪માં[૯], અગાઉ ક્યારેય ન બન્યો હોય એવા બનાવમાં "ધ શેડ્યુલ્ડ ટ્રાઈબ્સ એન્ડ અધર ટ્રેડીશનલ ફોરેસ્ટ ડ્વેલર્સ (રેકગ્નીશન ઓફ રાઇટ્સ) એક્ટ ૨૦૦૬"ના[૧૦] અન્વયે, બન્ની ઘાસિયાભૂમિના ૪૬ ગામડાઓએ બન્નીના ૨૪૦૦ ચો.મા. વિસ્તાર પરના પોતાના સામુહિક હક્કની માંગણી કરી. ભારતમાં આ પ્રથમ વાર ગોપાલક સમાજ દ્વારા ઘાસિયાભૂમિ પર પોતાના હક્કનો દાવો થયો હતો. હક્કદારોએ ગામડાના સ્તરના નાના વિભાજનોને બદલે બન્નીને એક સંગઠિત પ્રદેશ તરીકે લેખ્યો છે. એમના કહેવા મુજબ પરસ્પર સમજદારી તથા પારંપરિક ઉપયોગ સમગ્ર બન્નીને આવરી લે છે અને જો કોઈ મતભેદ પેદા થાય તો તે અંદરોઅંદરની મસલતથી ઉકેલવામાં આવે છે.*

---

*૯. જુઓ ન્યૂઝરિપોર્ટ [http://epaper.indianexpress.com/234506/Ahmedabad/25-February-2014#page/6/2](http://epaper.indianexpress.com/234506/Ahmedabad/25-February-2014#page/6/2)*

*૧૦. 'ફોરેસ્ટ રાઈટ્સ એક્ટ' અથવા એફ.આર.એ. નામથી પણ ઓળખાતી આ કલમ હેઠળ ભારતની જંગલભૂમિ પર વર્ષોથી થતા પ્રવેશ, તેનો ઉપયોગ, તેની વ્યવસ્થા તેમ જ માલિકી હક્કની કાયદેસર નોંધની જોગવાઈ છે. ગ્રામ્ય સ્તરની સમિતિઓ ગ્રામ સભાઓ દ્વારા જૂથના સ્તરે હક્ક માટે અરજી કરી શકે છે અને જિલ્લા સ્તરની સમિતિ પાસેથી મંજૂરીનું ખતપત્ર મેળવી શકે છે.*

રહેઠાણનો થતો નાશ અટકાવવો તથા માલધારીઓનો જીવનનિર્વાહ ઊંટ પર નભી શકે એવી પરિસ્થિતિ ઊભી કરવી એ પ્રશ્નોના ઉકેલ માટે હજી મથામણ ચાલે છે.

બન્નીના ભેંસ માલધારીઓ તથા ઊંટ માલધારીઓ માટે વિવિધ વનરાજી અંગેના નીતિ-નિયમો[૧૧] પણ આલેખાયેલા છે. સહજીવનનું વધુ ધ્યાન હવે ઘાસિયાભૂમિની જાળવણી તેમ જ વર્ષોથી ચરવા માટે વપરાતી જમીન પર પ્રવેશ તથા તેની વ્યવસ્થા માટેના ગોપાલકોના હક્ક મેળવવા તરફ કેન્દ્રિત થયું છે, જ્યારે પશુ-ઉછેરનું કાર્ય પશુ-ઉછેરક સંગઠન આગળ ધપાવે છે.

## ઘાસચારા માટેની જમીનનો વહીવટ

આમાં, નકશા બનાવવાના કાર્યમાં સહાયતા કરવાનો, પ્રવેશ તેમ જ વહીવટ માટેના હક્ક પ્રત્યે સભાનતા જગાવવાનો, (બન્નીમાં સમાજના જંગલહક્ક વિશેની માહિતી માટે જુઓ બોક્સ ૯) તેમ જ સહજીવન દ્વારા સંકલિત આર.એ.એમ.બી.એલ.ઈ. (રિસર્ચ એન્ડ મોનીટરીંગ ઇન બન્ની લેન્ડસ્કેપ) જેવા પ્રારંભિક પ્રયાસમાં થતા સામુહિક સંશોધનમાં ભાગ લેવાનો સમાવેશ થાય છે. આમાંનું મોટા ભાગનું કાર્ય સમગ્ર પ્રક્રિયામાં સક્રિય કાર્યકર તથા ભાગીદાર એવા માલધારી સંગઠનો (બી.બી.એ. અને કે.યુ.યુ.એમ.એસ.)નું કાર્ય સુગમ કરી આપવાથી થાય છે.

જમીનની ગુણવત્તા, પાણી તથા વનરાજીના વિવિધ પ્રકારોને આધારિત યોજના બનાવવાની પ્રવૃત્તિ બે પ્રદેશમાં ચાલે છે - બી.બી.એ. હેઠળ ૧૯ પંચાયતો ધરાવતી બન્નીની ઘાસિયાભૂમિ તથા સમગ્ર કચ્છ પ્રદેશમાં (કે.યુ.યુ.એમ.એસ. સાથે મળીને) ઊંટ માટેના ઘાસચારાની જમીન. પંચાયતના સ્તરે સહકારી ધોરણે જાળવણી તથા વહીવટી યોજના વિકસાવવામાં આવે છે, સમૂહના સ્તરે ઋતુ પ્રમાણે મળતી સુવિધાઓને આધારે વિવિધ પર્યાવરણ યોજનાઓનો સમાવેશ કરવામાં આવે છે. ઘાસચારા માટેની જમીનની ક્ષમતા ચકાસવાનું તથા વધુ લાભદાયી ઘાસની બનાવટ તેમ જ તેના વિસ્તરણની નોંધ લેવાનું કાર્ય પંચાયતના સ્તરનું છે. ગુગલ દ્વારા પ્રાપ્ત થતી ભૌગોલિક રૂપરેખા તથા ખાસ નિમાયેલા જૂથો વચ્ચેની ચર્ચા-વિચારણાને આધારે, સમાજ માટે પ્રાવૈધિક વિજ્ઞાનના ઉપયોગ પર ભાર મૂકતા અભિયાનના અન્ય એક સભ્ય કે-લિંક ફાઉન્ડેશનની મદદથી ઘાસચારા માટે સામુહિક જમીનના નકશા તૈયાર થઇ રહ્યા છે. નકશા તૈયાર કરવાની પ્રક્રિયા પાછળનો ઉદ્દેશ એ છે કે જમીનના ઉપરીય ભાગના સ્તરે યોજના બનાવવા માટે ભૂસ્તરશાસ્ત્ર, વનરાજીની વિવિધતાની પરિસ્થિતિ, પર્યાવરણ તથા પારંપરિક જ્ઞાનની યથાર્થ સમજણના આધારે વનરાજીની વિવિધતા માટે યોજના બનાવવી. બન્નીને ધ્યાનમાં લઈએ તો આ યોજનાનો ઉદ્દેશ એ પણ છે કે હાલમાં જંગલવિભાગની વિચારણા હેઠળની યોજના સામે યથાર્થ માહિતી પર આધારિત એક વિકલ્પ ઊભો કરી શકાય. સહજીવનના પંકજ જોશીને લાગે છે કે રહેઠાણના ફેરફાર અને ઘાસિયાભૂમિના પર્યાવરણ-આધારિત આહારક્ષેત્રોના નાશ દ્વારા વિભાગીય આહારક્ષેત્ર અને જમીન-ખેડાણ બન્નીને ખતમ કરી નાખશે, અને જંગલવિભાગની કાર્યકારી યોજનામાં આ જ બાબત વિચારવામાં આવી છે. ઊંટ માટેના નકશામાં ઘાસચારા માટે ૧૩ રસ્તા તથા મેદાન આલેખાયા છે. આ પ્રક્રિયા દરમ્યાન ઔદ્યોગિકરણનો તેમ જ પાણી માટે પંચાયતો વચ્ચે અંદરોઅંદર થનાર મતભેદનો પ્રશ્ન ઉદભવ્યો હતો. આને પરિણામે, પાણીના કુંડ ન હોય એવી બાલેસર

*૧૧. આમાં સ્થાનિક સમાજો દ્વારા તેમની જીવનપદ્ધતિ, વહીવટી નીતિઓ તથા પર્યાવરણ સાથેની સુસંગતતા આલેખાયેલી છે, જે સરકાર, એન.જી.ઓ., સંશોધન સંસ્થાઓ જેવા બાહરી કાર્યકરો સાથેના વ્યવહારની શરતો પ્રસ્તુત કરવા માટે એક મંચ પૂરો પાડે છે.*

જેવી જગ્યાઓએ પાણીના નાના સાધનો ઊભા કરવાનું સૂચન આવ્યું. મુન્દ્રાના ધક્કા અને વીજળીમથક , ભચાઉના કારખાના તેમ જ પશ્ચિમ કચ્છના દરિયાકિનારા તથા ખાણની પ્રવૃત્તિને પરિણામે ઘાસચારાની ભૂમિના થનારા સ્થળાંતરનો મુદ્દો સૌથી મહત્વનો હતો.

### *૨. ૨. ૨૬ પશુઉછેર / ગોપાલન સંબંધી સમગ્ર પરિસ્થિતિને આવરી લેતા અભિગમ અંગે ચર્ચા*

પશુપાલનના પ્રશ્નમાં સહજીવનનો અભિગમ (સીધો અથવા સહભાગી સંસ્થાઓ દ્વારા) આ મુજબ રહ્યો છે:

- સ્થાનિક જીવનનિર્વાહને આધાર આપવા તથા સ્થળાંતર ઘટાડવા ડેરી સાથેના સંપર્કમાં સુવિધા કરી આપવી.
- પશુઆરોગ્ય સેવાઓમાં તેમ જ પશુપાલનમાં નાના પાયે આર્થિક મદદ મેળવવામાં સહાયતા કરવી.
- સ્થાનિક પશુધનની જાળવણી કરવી.
- ઘાસચારાની જગ્યાઓ અને પાણીસંગ્રહ સાથેસાથે હોય એ રીતે સમગ્રતયા વિચાર કરી જમીનના વહીવટ માટે અભિગમ અપનાવવો.
- પારંપરિક જ્ઞાનમાંથી શીખવું.
- ઊંટ માલધારીઓ માટે જીવનનિર્વાહની સલામતીના પ્રયત્નો શરૂ કરવા.
- ઘાસચારા માટેની જમીન, વિકેન્દ્રિત વહીવટ (દા.ત. બાયોલોજિકલ ડાયવર્સિટી એક્ટ, ૨૦૦૩ અન્વયે બાયો ડાયવર્સિટી મેનેજમેન્ટ કમિટી (બી.એમ.સી.)ઓ દ્વારા), એફ.આર.એ. દ્વારા જંગલની સંપત્તિનો સમાજ દ્વારા વહીવટ વગેરે પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવા સ્થાનિક સરકારને હિમાયત કરવી.
- સહયોગી સંસ્થાઓએ સાથે મળીને પર્યાવરણ વિષયક સંશોધન શરૂ કરવા.

સહજીવન આ પ્રક્રિયાઓમાં સુગમતા કરી આપનાર તરીકે કામ કરે છે પરંતુ બધી પ્રવૃત્તિઓ મહદંશે સ્થાનિક સામાજિક સંસ્થાઓ તથા સંગઠનો દ્વારા થાય છે. સમગ્ર અભિગમ મુખ્યત્વે વધુ સમસ્યાઓને આવરી લેતો છે, જે વિવિધ સમાજો વચ્ચે સંશોધનકારી સંસ્થાઓ, અભિયાનના અન્ય સભ્યો તથા સરકાર વચ્ચે સંકલન ઊભું કરે છે.

ઉપર જોયું તેમ વિધિવત જાળવણી અભિગમ (જેમાં ઘણી વાર ઘાસિયાભૂમિ વિસરાઈ જાય છે) સામે હજી પડકારો ઊભા જ છે જેમાં, ગોપલનની આર્થિક વ્યવસ્થાનું ભાંગી પડવું અને તેને ફરી ઊભું કરવા સામે ખડા થતા પ્રાવૈધિક તથા વહીવટી પડકારો, અને ઘાસચારાની જગ્યાઓ તેમ જ ગોપાલન દ્વારા જીવનનિર્વાહ ચલાવવા સામે ઉદ્યોગો દ્વારા થતી સમસ્યાઓ (મોટા પડકારોના વિભાગમાં વધુ વિગત આપેલી છે)નો સમાવેશ થાય છે. વધુ ચરબીયુક્ત ડેરી તરફનું સમાજનું વલણ એક એવો પ્રશ્ન છે જે એમના ધ્યાન પર તો આવ્યો છે પરંતુ એ અંગે હજી કશું કરવામાં નથી આવ્યું. આ પ્રશ્નને પરિણામે ગાયો વેચી દેવામાં કે છોડી દેવામાં આવે છે અને અસમાન સંખ્યામાં ભેંસો પાળવાનું ચાલુ થયું છે, જેને માટે, ગાયો પાળવાના કાર્ય કરતાં વધુ પાણીની આવશ્યકતા પડે છે. આ પ્રશ્નના પ્રત્યાઘાત રૂપે, ગાયના દૂધમાંથી ઘી બનાવવાનો પ્રયાસ

(અગાઉ બોક્સ ૭માં જણાવ્યું છે) શરૂ કરવામાં આવ્યો હતો પરંતુ એ ઉત્પાદનના સામાન્ય ભાવ કરતાં વધુ ભાવ આપવાની અનિચ્છાને પરિણામે એ પ્રયાસ આર્થિક દ્રષ્ટિએ સફળ ન થઇ શક્યો.

### ૨.૨.૩. હસ્તકળામાં પ્રારંભિક પ્રયાસ

હસ્તકળા ક્ષેત્રે કે.એમ.વી.એસ.માં ભરતકામથી કાર્ય શરૂ થયું, જેની પાછળ ભરતકામને એક કૌશલ્યભરી કળા તરીકે પ્રોત્સાહિત કરવા ઉપરાંત સ્ત્રીશક્તિકરણનો ઉદ્દેશ પણ હતો. આમાંથી 'કસબ'ની રચના થઇ જેણે સમાજ ઊભો કરવામાં તથા કેટલીયે કલાકાર સ્ત્રીઓને જીવનનિર્વાહ માટેનું ગૌરવપૂર્ણ સાધન પૂરું પાડવામાં મહત્વનો ફાળો આપ્યો. ભરતકામને એક હસ્તકળા તરીકે પૂરતો સહકાર આપી તેને લોકપ્રિય બનાવવાની સાથોસાથ એ કલાકારોના સમાજ પર વધુ ધ્યાન કેન્દ્રિત થયું છે. મળેલાં નાણાંનું શું કરવું તેનો નિર્ણય સ્ત્રીઓ દ્વારા લેવામાં આવે છે, જ્યારે તેના વેચાણનું ક્ષેત્ર ( કોને, ક્યાં, કઈ ભાતવાળું) ઓફિસના જૂથ દ્વારા સંભાળવામાં આવે છે જેમાં સમાજની બહારના લોકો પણ સંકળાયેલા છે. ભરતકામ માટે કચ્છમાં અન્ય સંસ્થાઓ પણ ઉપસ્થિત છે (સૃજન - જેમાં ખરીદનાર-વેચનાર વચ્ચે સદભાવનો અભિગમ છે, કલારક્ષા - જે એની કારીગીરી અંગે ઘણી સાચવણીકાર છે, અને કે.એમ.વી.એસ. - જેનો સ્ત્રીતરફી અભિગમ છે). આપણા સર્વેક્ષણમાં હસ્તકળા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આ સિવાયની એક સંસ્થા 'ખમીર' દ્વારા લેવાતા અભિગમની ચર્ચા મુખ્ય સ્થાને છે.

#### *૨. ૨. ૩અ: ખમીર વિષે*

'ખમીર' (કચ્છ હેરીટેજ, આર્ટ, મ્યુઝિક, ઇન્ફર્મેશન એન્ડ રીસોર્સીઝ)ની સ્થાપના ૨૦૦૫માં થઇ. સ્થાનિક ભાષામાં 'ખમીર'નો અર્થ 'ગર્વ' થાય છે. સામાજિક-સાંસ્કૃતિક તથા પર્યાવરણની પરિસ્થિતિને લક્ષમાં રાખીને જીવનનિર્વાહના એક સાધન તરીકે હસ્તકળાને અપાતો સહકાર (ખાસ કરીને ભરતકામ સિવાયની) વધુ મજબૂત બનાવવાનો ઉદ્દેશ હતો. લુપ્ત થવાના ભય હેઠળની છ હસ્તકળાઓ (બીબા-છાપકામ, કુંભારકામ, લાખકામ, ધાતુના ઘંટ, વણાટકામ અને ચર્મકામ)ને અલગ પાડવામાં આવી હતી અને ઉદ્યોગ ઊભો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. જ્યાં જરૂર હોય ત્યાં કાચો માલ પૂરો પાડવામાં તેમ જ વેચાણબજાર સાથે સંપર્ક સાધવામાં એ મદદરૂપ થતું હતું. બદલાતી સામાજિક પરિસ્થિતિ અને જાતિઓ વચ્ચેના સંપર્ક, તેમ જ જિંદગીમાં કશુંક મેળવવાની લોકોની ઈચ્છાને પરિણામે ખમીર હવે ધીરે ધીરે આગળના ડિઝાઇન તથા વેચાણના ક્ષેત્રમાંથી ખસીને હસ્તકળા અને પર્યાવરણ વચ્ચેની કડીને સમજવા અને તે અંગે કાર્ય કરવા તરફ વળી રહ્યું છે. આ ઉપરાંત, કલાકારોના જૂથ સાથે કામ કરવાને બદલે હવે સમગ્ર ક્ષેત્ર માટે અસરકારક કાર્ય કરવાનો એનો હેતુ છે. વાતાવરણની સાચવણીનું મૂલ્ય, સામુહિક કાર્ય, જ્ઞાનદર્શક પ્રક્રિયાઓના પોષણ અને હસ્તકળામાં સમાયેલા ગર્વના સશક્તિકરણ પર કાર્ય કરવાનો એનો ઉદ્દેશ છે.

#### *૨. ૨. ૩બ એમનો અભિગમ*

એમનો અભિગમ નીચે જણાવેલા સ્તરો પર કાર્ય કરવાનો છે[૧૨]:

- કાર્યક્ષેત્ર: હસ્તકળાના મૂલ્ય અંગે સભાનતા આણવી, પ્રદર્શનો યોજી કલાકારોની સ્થાનિક કળાને પ્રકાશમાં લાવવી, શાળા અને મહાવિદ્યાલયોને કેન્દ્રની મુલાકાતે લાવવા, અને સંશોધન તથા નોંધણીકાર્યને પ્રોત્સાહન આપવું.
- વ્યાપારી સુગમતા: વિશ્વાસ તથા સંબંધનું મહત્વ સમજાવી કારીગરોને વેચાણબજાર સાથે સાંકળી ન્યાયી વ્યાપારની સુગમતા

*૧૨. મૂળ આધાર: http://www.khamir.org/work*

કરી આપવી.

- કારીગરોને જરૂરી સેવાઓ: પ્રત્યેક હસ્તકળાના ક્ષેત્રમાં ઊભી થતી ગંભીર જરૂરિયાતો જાણવી અને એ પૂરી કરવા વિવિધ પ્રયત્નો કરવા. આમાં કાચા માલની ખરીદી, ઉધારપ્રથા, સામાજિક સુરક્ષા, યોગ્ય પ્રાવૈધિક ઉપાયો, કલાનો વિકાસ અને હસ્તકળાની વસ્તુઓ બનાવવા માટેની જગ્યાનો સમાવેશ થાય છે.
- નવી શોધ: પર્યાવરણ પર પડનારી અસરને લક્ષમાં રાખી કાચા માલમાં, વસ્તુ બનાવવાની પ્રક્રિયામાં અને ઉત્પાદનમાં નવી શોધો વિકસાવવી. હાલમાં ચાલતી ત્રણ નવીનતમ યોજનાઓ છે કાલા કોટન, ઘેટાના ઉનમાંથી બનતા ઉત્પાદનો તથા પ્લાસ્ટિકને નવું સ્વરૂપ આપી વણાટના ઉત્પાદનો કરવા.

### *૨. ૨. ૩ક પારસ્પરિક કાર્યના સ્તરો*

ખમીરના જૂથ સાથેના વાર્તાલાપમાંથી જાણવા મળ્યા મુજબ, તેમના કાર્યક્ષેત્રમાં નીચે મુજબના પારસ્પરિક કાર્યો મુખ્ય છે:

#### હસ્તકળા અને પર્યાવરણ

કાચો માલ તેમ જ કારીગીરી, બંનેને આસપાસના પર્યાવરણ સાથે બારીક સંબંધ છે એ બાબત પરત્વે દુર્લક્ષ સેવી ન શકાય. આને માટે અન્ય સંસ્થાઓના સાથ-સહકારથી કાર્ય ચાલી રહ્યું છે. પારંપરિક કુંભારોને માટી મળી રહે તેને લગતા પ્રશ્નો સમજવા માટે કે-લિંક અને સેતુની સાથે મળીને ખમીરે માટી અને સફેદ કાદવ ધરાવતી, અને અત્યારે જમીનના અન્ય ઉપયોગની યોજના હેઠળ ઉદ્યોગો માટે વિચારણા થઇ રહી હોય એવી જગ્યાઓની નોંધણી તૈયાર કરી. એ પછી આ જમીન કુંભારોના કામ માટે પારંપરિક જગ્યા તરીકે પરત મેળવવાના પ્રયાસો થઇ રહ્યા છે. બીબા-છાપકામ સાથે સંકળાયેલા પાણીની અછત તથા પાણીના પ્રદૂષણના સંભવિત પ્રશ્નો પર તે અભિયાનના અન્ય એક સભ્ય 'એરીડ કમ્યુનિટી એન્ડ ટેકનોલોજીસ' (એ.સી.ટી.) સાથે કાર્ય કરી રહ્યું છે. ખમીરના પ્લાસ્ટિક રિસાયકલીંગ પ્રોજેક્ટ માટે સ્થાનિક ધોરણે કચરો વીણતા કે.એમ.વી.એસ.નાં સ્ત્રી-મંડળો (સખી મંડળ) સાથે પણ એ સંકળાયેલું છે. આના પરિણામસ્વરૂપ, કચરામાંથી બેગ અને પાકીટ જેવા પ્લાસ્ટિકના વણાટના ઉત્પાદનો પેદા થાય છે.

#### હસ્તકળા અને સંસ્કૃતિ

હસ્તકળા એ એના કારીગરોની જીવનશૈલી છે એ બાબતને લક્ષમાં રાખી હસ્તકળા તથા સંસ્કૃતિ વચ્ચેના સંબંધ પર સતત નજર રાખવામાં આવે છે અને એના ઉપલક્ષમાં પ્રદર્શનો તથા કાર્યશિબિરો યોજાય છે. કે.એમ.વી.એસ.ના સહકારથી ચાલતી



*બન્નીનું ભરતકામ*



*ખમીરનું વેચાણકેન્દ્ર*

કચ્છી લોકસંગીતકારોની સંસ્થા સૂરવાણીની સાથે મળીને ખમીર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજે છે. સહજીવનના સહકારથી ગોપાલન તથા હસ્તકળા વચ્ચેની ઐતિહાસિક તથા વર્તમાન સામાજિક-સાંસ્કૃતિક કડીઓ પર લાંબા સમયથી સંશોધન તેમ જ હકીકતની નોંધણીની યોજના ચાલી રહ્યાં છે, જે ૨૦૧૫માં યોજાનારા પ્રદર્શન સમયે સમાપ્ત થશે.

### હસ્તકળા અને અર્થતંત્ર

ઘેટા અને ઊંટના ઉન તથા કાલા કોટનના ક્ષેત્રમાં થતા પ્રારંભિક પ્રયાસો પર્યાવરણના પાસાને લક્ષમાં રાખી હસ્તકળા તથા આર્થિક પરિસ્થિતિ વચ્ચેની કડીને ટેકો આપે છે.

ઘેટા તથા ઊંટનું ઉન: અગાઉ જણાવ્યું તેમ ખમીર, ઘેટા અને ઊંટના ઉન પર જીવનનિર્વાહ ચલાવવામાં મદદરૂપ થવા સહજીવનની સાથે મળીને કાર્ય કરે છે. ઘેટાના ઉનમાંથી ઉત્પાદનો બનાવવા માટેના પ્રારંભિક પ્રયાસોમાં, કડીઓ તૂટી ગયેલી હોવાથી આજે કચ્છના વણકરો બિકાનેરના મધ્યસ્થ વેપારીઓ પાસેથી ઘેટાનું ઉન ખરીદે છે. કચ્છમાં હવે કાંતવાનું કામ નથી થતું. ખમીર ઘેટાના ઉન પર નભતું અર્થતંત્ર ફરીથી ઊભું કરવાનો પ્રયત્ન કરે છે. વણાટકામ માટે જરૂરી પ્રમાણમાં ઉનનો જથ્થો મેળવવાનો પ્રશ્ન ઉકેલવાના એમના પ્રયાસો હજી ચાલુ છે. ઊંટના ઉનમાંથી વસ્તુઓ બનાવવા પ્રોત્સાહન આપવાનું ચાલુ છે. કઈ રીતે ઉન ઉતારવાનું ને સાફ કરવાનું, પૂરતો જથ્થો મેળવવાનું તથા યોજનાને જાતે નભી શકે એવી બનાવવામાં માલધારીઓ સાથે મળીને પ્રથમ પગલાનું કાર્ય સહજીવન કરે છે. ૨૦૧૩માં આની મુખ્ય યોજના શરૂ થઇ હતી, જેમાં ૧૪૦ કિલો ઉન મેળવી પ્રક્રિયામાંથી પસાર કરી અંતમાં ૩ કિલો ચોખ્ખું ઉન પ્રાપ્ત થતું હતું. સમગ્ર પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવાના પ્રયાસો ચાલુ છે.

### કાલા કોટન

વરસાદ-આધારિત સજીવ કપાસમાંથી કાલા કોટન કાપડ બનાવવાનો તથા સમગ્ર પ્રક્રિયાના તમામ તબક્કા પર અંકુશ મેળવવાનો પ્રયાસ કરવા સાત્વિક, સેતુ તથા ખમીર વચ્ચેના સહકારી કાર્યનું



*કાલા કોટનનું ઝુમખું*

**બોક્સ ૧૦: સજીવ કપાસનું પુન: શરૂ થયેલું વણાટકામ:**

*નારાયણ વાલજી વણકર મોટા જામથલામાં રહેતા એક પારંપરિક વણકર છે. (જામથલા ગામડામાં, ૩૦૦-૪૦૦ વણકરોના કુટુંબ મોટા જામથલામાં રહે છે જ્યારે નાના જામથલામાં ખેડૂતો વસે છે.) દાયકાઓ પહેલાં એમણે કાલા કોટનનું વણાટકામ બંધ કરી દીધું હતું (ત્યારે નીતિ-નિયમોના ફેરફારને કારણે ખાદીભંડારની માંગ બંધ થઇ ગઈ હતી) પરંતુ એમણે હાલમાં તે પુન: ચાલુ કર્યું છે. ઉનની શાલ બનાવવામાં મળતા વળતર કરતાં કાલા કોટનમાંથી બનાવાતી શાલના વણાટકામમાં એમને વધુ વેતન મળે છે. કાલા કોટનના વણાટકામમાં ખાસ કૌશલ્યની જરૂર પડે છે. તેઓ કહે છે, "વણાટકામ માટે દોરો અઘરો પડે છે, શિખાઉ કારીગરથી એ થઇ નથી શકતું. તમારે એ કાર્ય માટે કૌશલ્ય વિકસાવવું જ પડે, અમારા કિસ્સામાં વણાટકામ અમારા લોહીમાં છે." ખમીર સાથે સંપર્ક ધરાવતા જે થોડાઘણા વણકરો કાલા કોટનનો ઉપયોગ કરે છે તેમના સિવાયના મોટા ભાગના વણકરો તેમના વણાટકામ માટે લુધિયાનાથી મગાવેલા ઉનના બારીક દોરાનો ઉપયોગ કરે છે.*



*કચ્છમાં થતું વણાટકામ*

આ પરિણામ છે. પ્રક્રિયાના કેટલાક પાસા (કાંતણકામ) હજી સ્થાનિક ચક્રની બહાર છે, પરંતુ અન્ય તબક્કાઓ પ્રમાણમાં ઘણી સારી રીતે એકમેક સાથે સંકળાઈ ગયા છે. રાપર પ્રોડ્યુસર કંપની દ્વારા આદેસરના કેટલાક પ્રદેશોમાંથી કપાસ મેળવવામાં આવે છે અને એનો દોરો બનાવ્યા બાદ એમાંથી કાપડ બનાવવા વણાટકામ માટે તેને કચ્છના કેટલાક પ્રદેશોમાં આપવામાં આવે છે. (જુઓ બોક્સ ૧૦). હાલમાં ખમીર સમગ્ર દેશમાં ઊંચી ગુણવત્તાનો સુતરાઉ દોરો વેચે છે. આ પ્રક્રિયાને પરિણામે વણકરોને આડકતરો લાભ એ થયો છે કે વણાટકામના કારીગરોના વેતનનું ધોરણ નક્કી થયું છે તેમ જ એમને અન્ય વેપારીઓ પાસેથી સારું વળતર માંગવા માટેનો મંચ મળ્યો છે.

#### *૨.૨.૩૬ હસ્તકળાના સમગ્ર અભિગમ પર ચર્ચા-વિચારણા:*

આગળ જણાવેલી ચર્ચા પરથી એટલું તો ફલિત થયું જ છે કે હસ્તકળા માટેનો ખમીરનો અભિગમ એક તરફ સ્થાનિક વ્યવસાય શરૂ કરવાનો અને બીજી તરફ પર્યાવરણ, આર્થિક પ્રશ્ન તથા સંસ્કૃતિ સાથે હસ્તકળાના સંબંધને ટેકો આપી તેને મજબૂત કરવાનો રહ્યો છે. આ કાર્ય, વિવિધ શક્તિઓ તથા અન્ય પરિબળો સાથે ઊભી થયેલી સંસ્થાઓ અને વ્યક્તિઓની સાથે સુમેળ સાધીને તેમ જ એક છત્ર હેઠળ વિચારોની આપ-લે કરી પરસ્પર સંબંધ સાધનાર ભાગીદારો સાથે મળીને કરવામાં આવે છે. એ ખરીદનારનો અભિગમ બદલવા તેમ જ હસ્તકળા પર મુકાતું સાંસ્કૃતિક મૂલ્ય ઊંચું લાવવાનું કાર્ય પણ કરે છે. હસ્તકળા તેમ જ કારીગરો બન્નેનું સમગ્ર દુનિયાની નજરમાં બહુમૂલ્ય થાય એવા ભારતીય હસ્તકળાના એક ધબકતા, ટકાઉ સ્વપ્નની કલ્પના છે.

એમનાં લક્ષ્યો સિદ્ધ કરવાના કાર્યમાં, એમને લાગે છે કે તેઓ હજી પ્રાવૈધિક સ્તરે તેમ જ સામાજિક દ્રષ્ટિએ હસ્તકળાના મૂલ્યની અસરકારકતા વધારવાના પ્રશ્નમાં શીખવાના તથા પડકારો સામે લડવાના તબક્કામાં છે.

## ૩. કઠિન પડકારો

કચ્છમાં સ્થાનિક જીવનનિર્વાહનાં સાધનો સામાજિક-આર્થિક, પર્યાવરણ તથા સાંસ્કૃતિક દ્રષ્ટિએ ટકી શકે તે માટેના (પ્રારંભિક પ્રયાસોનો વહીવટ કરતી સંસ્થાઓના કહેવા મુજબ) તેમના પ્રયત્નોની સફળતા સામે ઊભેલા મહત્વના પડકારો આ મુજબ છે:

### ૩.૧. શિક્ષણ

સાત્વિક જૂથના શૈલેશ વ્યાસ અને રમેશ મકવાણાના કહેવા મુજબ કોઈ પણ બાબતને સમજવામાં શિક્ષણ ઘણા મહત્વનો ભાગ ભજવે છે. આપણી હાલની પ્રચલિત શિક્ષણ પદ્ધતિ ટૂંકા સમયગાળામાં વધુ ભૌતિક વળતર મેળવવાના રસ્તા શીખવે છે, જે એક ચિંતાનો વિષય છે. લોકોના અભિગમમાં એવો બદલાવ આવી ગયો છે કે પાણીનો યોગ્ય માત્રામાં વપરાશ તથા જમીનની ફળદ્રુપતા જાળવવાની લોકોની પ્રક્રિયામાં શિક્ષણ કદાચ કશો ફેરફાર નહિ લાવી શકે. વરસાદ-આધારિત ખેતીમાં પાકની સંભવિત નિષ્ફળતાના જોખમને કારણે ખેડૂત જ્યાં શક્ય હોય ત્યાં

હરિયાળી ક્રાંતિ અપનાવવા ઈચ્છે છે અને ટૂંકા ગાળાના ભૌતિક વળતર માટેનું આકર્ષણ ઘણું વધારે રહે છે. ખેડૂતોને સજીવ ખેતીમાં ટકાવી રાખવા માટે આર્થિક લાભ વિનાના પ્રયત્નો (જેવા કે જમીન પરત્વે અથવા પર્યાવરણની દ્રષ્ટિએ ટકાઉ માર્ગો પરત્વે લક્ષ આપવું) મહત્વનો ભાગ ભજવે છે, જે એક પડકારરૂપ છે. શૈક્ષણિક સંશોધનો ભાગ્યે જ નાના ખેડૂતો સુધી પહોંચે છે. આ ઉપરાંત, આપણો અભિગમ શારીરિક મહેનતને હલકી ગણી તે (સદંતર નાબૂદ ન થાય તો) ગમે તે ભોગે ઓછી કરવા તરફનો છે.

## ૩.૨. પ્રચલિત નીતિઓ

નીતિ-નિયમોના માળખાએ વિકેન્દ્રીકરણ તથા પર્યાવરણની દ્રષ્ટિએ ટકાઉ પ્રવૃત્તિઓને ટેકો આપવો ઘટે. સહજીવનના સવ્યસાચિ દાસ જણાવે છે કે પશુઉછેરના ક્ષેત્રમાં બોરવેલ તથા ઘાસચારાની અલાયદી જમીન ફાળવવામાં મોટું મૂડીરોકાણ કરવાની યોજનાઓને બદલે, જો આ વાત લક્ષ પર લેવામાં આવે તો નાના મૂડીરોકાણથી હાલની ઘાસચારાની જમીનની જાળવણી થઇ શકે. આને બદલે, સરકારી નીતિઓ પશુપાલન પર ઘણું ઓછું અને ઘાસચારાની જમીનના વહીવટ પર નહિવત ધ્યાન આપે છે તેમ જ પાણી અને પશુપાલનના પ્રશ્નો અંદરોઅંદર સંકળાયેલા હોઈ સમગ્રતયા તેનો વિચાર કરવાને બદલે એ બેને અલગ-અલગ ઠેરવી એને માટે જુદી-જુદી સમિતિ નીમે છે. ડેરીના આવવાથી પશુઓની સંખ્યા વધી છે પરંતુ એમના વહીવટ માટેના પ્રયત્નોમાં ફેર નથી પડ્યો.પશુધનની સંખ્યામાં થયેલા આ વધારામાં, વધુ ચરબીયુક્ત દૂધ માટે ભેંસોની સંખ્યામાં થયેલા અયોગ્ય વધારાની અસર પાણીની સાચવણી પર પડી શકે.

ખેતીવાડી ક્ષેત્રે નીતિ-નિયમોના સ્તરે એવા ઘણા પડકારો છે જેને પરિણામે, લભ્ય સગવડોનો યોગ્ય ઉપયોગ તેમ જ સજીવ રહેવા કે બનવાનું શક્ય નથી બનતું. પાણીના ખર્ચની ગણતરી કરવામાં નથી આવતી, એટલે આપણે જ્યારે આપણા અનાજની નિકાસ (ખાસ કરીને સિંચાઈ-પ્રેરિત ખેતીનું અનાજ) કરીએ છીએ ત્યારે આપણે આપણા મૂલ્યવાન પાણીનાં સાધનોની પણ નિકાસ કરીએ છીએ. શૈલેશને લાગે છે કે આપણે જો ખેતીવાડીમાં વપરાતા પાણીનો ખર્ચ લેવા માંડીશું તો સજીવ ખેતીને પ્રોત્સાહન મળશે. નીતિ-નિયમોના સ્તરે, ટપક-સિંચાઈના પ્રયાસો પર ધ્યાન આપવામાં નથી આવતું અને એરંડો તથા બીટી કોટન જેવા તાત્કાલિક પૈસા અપાવતા પાકને પ્રોત્સાહન આપવામાં આવે છે. સરકારી નીતિમાં બિયારણની જાળવણી કે અનન્ય ખાસિયતો ધરાવતા અન્ય બીજના વિકાસ (ઉત્પાદનલક્ષી કે સિંચાઈલક્ષી સિવાયના) અંગે ખાસ ઉલ્લેખ નથી. જ્યારે થોડાઘણા પ્રયાસો થાય છે ત્યારે તે બિયારણ બેંક પર વધુ લક્ષ આપે છે. યુરિયા તેમ જ ડી.એ.પી.ને મળતી રાહતને પરિણામે ખેડૂતો નિર્જીવ ખેતી તરફ આકર્ષાયા છે અને 'નોન-પેસ્ટીસાઈડ મેનેજમેન્ટ' તરફ ઓછું લક્ષ આપવામાં આવે છે. વર્ષોથી સરકારી રાહત મહાકાય ટ્રેક્ટરો વેચતી કંપનીઓને



*બિયારણની વિવિધતાના નમૂના*

મળે છે, પરંતુ ભારતની જમીન, જ્યાં ૧૦ એચ.પી.નું ટ્રેક્ટર પૂરતું છે ત્યાં આવા અતિશય શક્તિશાળી ટ્રેક્ટરોની જરૂર જ નથી. ૨૦૧૪માં 'જેનેટિક એન્જિનીયરીંગ એપ્રુવલ કમિટી' - જી.ઈ.એ.સી.ને જી.એમ. પાકનું વ્યવહારૂ પરીક્ષણ કરવાની મંજૂરી આપી છે તે પણ એક ગંભીર ચિંતાનો વિષય છે. ૭૦ પ્રકારના પાક (પારંપરિક પાક સહિત) પરના બીટી પ્રયોગો ઘણા જ હાનિકારક નીવડશે કારણ કે જે પાક અરસપરસની પરાગરજ ગ્રહણ કરી લેનારા છે તેના બિયારણને બીટીથી દૂષિત થતા અટકાવવાનું મુશ્કેલ બનશે. બીટી જમીનની ફળદ્રુપતા નષ્ટ કરે જ છે એવી દલીલ નથી. મુખ્ય દલીલ એવું વાતાવરણ પેદા કરવાની છે જ્યાં વિવિધતા પાંગરી શકે અને લેવાતા નિર્ણયોની જાણકારી હોય.

હસ્તકળા ક્ષેત્રે, ખમીરના મીર ગોરડિયા એ બાબત પરત્વે ધ્યાન ખેંચે છે કે હાથશાળને મળતો સરકારી સહકાર દાયકાઓથી ક્રમશ: ઓછો થતો ગયો છે, અગાઉના નિયમો નાના સાહસોને વધુ ટેકો આપતા હતા.

## 3.3. ઔદ્યોગિકરણનાં પરિબળો

સહજીવનના જૂથ સાથેની ચર્ચાઓમાં ઔદ્યોગિકરણ તથા તેને લગતી ચિંતાઓનો ઘણી વાર ઉલ્લેખ થયો હતો. ખાસ કરીને ભુજના ધરતીકંપ પછી જાહેર કરવામાં આવેલી કરવેરામાં રાહતને પરિણામે કચ્છ ઔદ્યોગિક વિકાસ માટે ઉપલબ્ધ થયું હતું. પર્યાવરણના નિયમો પ્રત્યે દુર્લક્ષ સેવતા કારખાનાઓ ઊભા થઇ ગયા છે, જેને લીધે હવા,જમીન, અવાજ અને પાણીનું પ્રદૂષણ થયું છે. મુન્દ્રામાં આવેલા અદાણી પોર્ટથી ઊંટોનો પારંપરિક ઘાસચારાનો માર્ગ તેમ જ ગાય-ભેંસના ઘાસચારાની સામાન્ય જમીન પણ ભયમાં મુકાઇ ગયા છે. બન્નીની ઘાસિયાભૂમિમાં પણ ૧૯૮૦ના અંત ભાગમાં ખવડામાં થાપર-સોલારીસ, ૧૯૯૨માં એગ્રોસેલ તથા ૪-૫ વર્ષ અગાઉ અર્ચનથી કારખાનાઓનો પગપેસારો થવા માંડ્યો છે. દરેક વખતે સ્થાનિક યુવાવર્ગને નોકરીએ રાખવાની ખાતરી આપવામાં આવે છે પરંતુ બન્નીના રહેવાસીઓએ જોયું કે એ લાભોના પ્રમાણમાં પ્રદૂષણ ને સ્વાસ્થ્ય માટે હાનિકર્તા ગેરલાભો ઘણા વધારે છે. (જુઓ બોક્સ ૧૧). 'બી.બી.એ.'એ નિર્ણય લીધો છે કે હવે ઘાસિયાભૂમિમાં વધારે એકે કારખાનું નાખવા નહિ દેવાય. બી.બી.એ.ના ઈસાભાઈ મુટવા કહે છે, "૨૪૦ લોકોને જીવનનિર્વાહનું સાધન આપવાની અર્ચનની ખાતરીથી લોકો આકર્ષાઈ ગયા અને એમણે પોતાની ઘાસચારાની જમીન એમના દુરૂપયોગ માટે ખુલ્લી મૂકી દીધી. પરંત કેટલા લોકોનો જીવનનિર્વાહ આ જ જમીન પર નભે છે એ વાત કોઈ કેમ નથી વિચારતું?"

## 3.૪. વ્યાપારી પરિબળો

જીવવાની અને પ્રવૃત્તિની તાજેતરની રીતો વ્યાપારી બળો સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. સાત્વિકના જણાવ્યા મુજબ, ખેતીવાડીમાં સામાન્ય

**બોક્સ ૧૧: કચ્છમાં ઔદ્યોગિકરણ**

*હીરા બામુ રબારી કહે છે કે સાંઘી સિમેન્ટ ફેક્ટરીને લીધે લખપતમાં આવેલા એમના ગામડા ઝંડવામાં જમીન, પશુઓ તેમ જ માનવીઓ, બધા પર છેલ્લાં ૨૦ વર્ષથી ધૂળ છવાયેલી રહે છે. કારખાનાએ ગામડા સાથેનું પાણીના વહેણનું જોડાણ કાપી નાખ્યું હોવાથી ગામડાનાં પાણીનાં સ્થળો સૂકા પડી ગયા છે. (તાજેતરમાં સરકાર તરફથી આને માટે કારખાનાને રૂ. ૧૦ લાખનો દંડ કરવામાં આવ્યો છે.) હાલમાં ગામડાની આસપાસ જે.પી. અને બિરલાના કારખાના પણ તૈયાર થઇ રહ્યાં છે.*

પ્રથા રવિ પાકમાં ઘઉં, ઉનાળુ મગફળી તથા રવિ તેમ જ ઉનાળામાં હરિયાળા ચારાનું પ્રમાણ વધી રહ્યું છે, જ્યારે ખરીફ પાકમાં બીટી કપાસ અને એરંડા પર વધુ ધ્યાન આપવામાં આવે છે. (રવિ અને ખરીફ પાક એટલે અનુક્રમે સૂકી આબોહવા અને વરસાદની ઋતુમાં થતા પાક.) આનો અર્થ એ થયો કે આ પાક માટે ખેતીવાડીમાં વધુ પાણીની આવશ્યકતા છે. મહત્વના વ્યાપારી પરિબળો અમુક પ્રકારના પાકને પ્રોત્સાહન આપે છે જ્યારે પારંપરિક બિયારણ પાસે હોવા કે મેળવવામાં પડતી ઘટને કારણે એવી ખેતી પ્રત્યે ઉદાસીન રહે છે. બજારમાં પારંપરિક બિયારણ મેળવવાનું મુશ્કેલ છે. છુટ્ટા બિયારણમાં એની ખાસિયતોનો ઉલ્લેખ હોવાથી એ ભરોસાપાત્ર નથી હોતા અને એની નિષ્ફળ જવાની શક્યતા પણ વધુ રહે છે. ઘણી ઓછી માંગ હોવાને કારણે આ બિયારણના વધુ પ્રયોગો પણ નથી થઇ શકતા. આ બિયારણ વેચવામાં પણ આ જ પરિસ્થિતિ છે. પારંપરિક બિયારણ મોટે ભાગે નાના કદના હોય છે જ્યારે લોકો, કશા પણ બૌધિક કારણ વિના, મોટા કદના બિયારણની માગણી કરે છે. થોડાં વર્ષ પૂર્વે, ઘણા ઊંચા ભાવ મળવાને કારણે અખાતી દેશોમાં ગુવારની નિકાસ ખૂબ વધી ગઈ હતી, જ્યાં તેઓ તેનો ઉપયોગ પોતાના પશુધનના ચારા કે ખોરાક તરીકે કરવાને બદલે પર્યાવરણ માટે અતિ હાનિકર્તા ફ્રેકીંગ (જમીનમાંથી તેલ કાઢવાની પ્રક્રિયા) માટે કરતા હતા.

પરંતુ, બજાર થોડી આશાસ્પદ પણ છે કારણ કે પારંપરિક પાક અને તેમાંથી બનતા ઉત્પાદનો (બાજરી, હાથછડના ચોખા, બ્રાઉન બ્રેડ વગેરે)ની શહેરી માંગ વધી છે, જેને પરિણામે એના ભાવ પણ વધ્યા છે. સાત્વિકને લાગે છે કે મગફળીના કિસ્સામાં બને છે તેમ ખેતરમાંથી નીકળેલા અનાજતરફી વલણમાં વધારો થશે.

અન્ય દેશોની બજારમાં સજીવ પાક તથા ખેતીના ઉત્પાદનોની માંગ વધુ સારી હોવાથી ઉત્પાદન અને વેચાણનું ચક્ર સ્થાનિક કે પ્રાદેશિક રાખવાનો પડકાર પણ મોટો છે.

## ૪. ઉપસતાં મૂલ્યો

સજીવ ખેતી, પારંપરિક બિયારણ તથા બિયારણની ભિન્નતા, ઘાસચારાની જમીનની જાળવણી, સ્થાનિક પશુઓની જાતોની જાળવણી તેમ જ હસ્તકળા-પર્યાવરણ વચ્ચે કડી સ્થાપવા માટે જે પ્રોત્સાહન અપાઈ રહ્યું છે તેમ જ જે કાર્ય થઇ રહ્યાં છે તે, પર્યાવરણ પ્રત્યેની સભાનતા તથા સ્થાનિક સંસ્થાઓના સશક્તિકરણ દ્વારા આર્થિક તેમ જ સાધનોની સલામતી મેળવવા માટેના પ્રયાસોના અભિગમ તરફ આંગળી ચીંધે છે. એ પણ ભૂલવું ન જોઈએ કે હસ્તકળા દ્વારા સ્થાનિક સ્ત્રીઓના સશક્તિકરણ તેમ જ જમીન, પાણી અને માટીના પ્રશ્ને નિર્ણયો તથા દિશાઓ નક્કી કરવામાં એમના સક્રિય ફાળા અર્થે આ પ્રારંભિક પ્રયાસોની શરૂઆત થઇ હતી.

આ પ્રારંભિક પ્રયાસોમાં (એ કુદરતી સંપત્તિનો વહીવટ હોય, વિતરણ વ્યવસ્થા હોય કે સામાજિક સભાનતા હોય) અમલીકરણનું કેન્દ્રસ્થાન સેતુઓ, સંગઠનો અને પશુપાલક સંસ્થાઓ તેમ જ ઉત્પાદક એકમોનો સમાવેશ કરતા સમૂહના સ્તરે રહેલું છે. સમયની સાથે માહિતીકેન્દ્રો કે કાર્યકારી એકમો નાના અને વધુ સંખ્યામાં સ્વતંત્ર સંસ્થાઓમાં ફેરવાઈ ગયા છે. પરંતુ આ સ્વતંત્ર એકમો ઘણી એકસરખી નીતિઓ તથા મૂલ્યો ધરાવે છે. વિવિધ સંસ્થાકીય જૂથ સાથેની ચર્ચા, જગ્યાની મુલાકાત તેમ જ આડકતરી રીતે મેળવેલી માહિતીના પૃથક્કરણને અંતે આ પ્રારંભિક પ્રયાસોમાંથી ઉદભવતા એકસમાન મૂલ્યો આ મુજબ છે:

## ૪.૧. વિકેન્દ્રીકરણ

સહજીવન દ્વારા વિવિધ પ્રકારે જણાવાયેલા મંતવ્ય મુજબ પ્રશ્નોના ઉકેલ માટે ટકાઉ અને સરળ ઉપાય વિકેન્દ્રીકારણમાં રહેલો છે. આથી વહીવટીતંત્ર કે પ્રાવૈધિક બાબતો અંગેના પ્રશ્નનો કેન્દ્રના સ્તરે લેવાયેલો ઉકેલ ગામડા કે ગામડાના સમૂહના સ્તરે વિચારવો ન જોઈએ. આવી જ વિચારસરણી ધરાવતા સાત્વિકનું માનવું છે કે આ પ્રારંભિક પ્રયાસોનું ભવિષ્ય એવી અસરકારક અને જવાબદાર ઉત્પાદક કંપનીઓના હાથમાં છે જેઓ તેમના કાર્યના અંતિમ તબક્કા અંગે સભાન હશે તો જ કાર્ય કરી શકશે.

## ૪.૨. હક્કોની સાથોસાથ જવાબદારી

સૌ જાણે છે કે હક્કની સાથેસાથે જવાબદારીઓ આવે જ છે. બન્નીની ઘાસિયાભૂમિના પ્રશ્નમાં, જેમ પશુઓને ચરાવવાના હક્ક પ્રત્યે સભાનતા કેળવવા માટે કહેવામાં આવે છે તેમ એની જાળવણી માટે સહભાગી યોજના ઘડવાના પ્રયત્ન પણ થઇ રહ્યા છે. હસ્તકળા ક્ષેત્રમાં, બીબા-છાપકામ કરનારાઓને પોતે વાપરેલા રંગોથી દૂષિત થયેલા પાણીના સંગ્રહો શુદ્ધ કરવાની જવાબદારી પોતાને શિરે લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

## ૪.૩. પર્યાવરણ સંબંધી પ્રશ્નો અંગે કાર્યક્ષેત્રોને વાકેફ કરવા

બન્ની બ્રીડર્સ એસોસિએશનના સરગુ ગામડાના સલીમ દેસર નોડ પૂછે છે, "આપણાં ઘર બાંધવા માટે આપણે પર્વતને તોડી ધૂળ-માટી બનાવી દઈએ છીએ, પરંતુ આપણામાંથી કોણ આ ધૂળ-માટીમાંથી પાછો પર્વત બનાવી શકે એમ છે ?" જે પ્રારંભિક પ્રયાસોની ચર્ચા થઇ છે તેમાં જે ઉકેલોનું અમલીકરણ થયું છે અને જે યોજનાઓને પ્રોત્સાહન મળ્યું છે તેમને પર્યાવરણના પ્રશ્નોથી વાકેફ કરવામાં આવ્યા છે. આમ, પશુઉછેર કરનારાઓએ કચ્છની ઘાસિયાભૂમિના આવરણને વધારવા માટે ઉકેલો શોધવા જોઈએ. ચેરિયાની જાળવણી કાર્ય વિના મત્સ્યઉદ્યોગને પ્રોત્સાહન ન આપવું જોઈએ, અને પાણીનું પ્રદૂષણ થાય એવી પ્રવૃત્તિની સાથોસાથ એના શુદ્ધિકરણના પ્રયાસો થવા જોઈએ. ખેતીવાડી ક્ષેત્રે, બિયારણ કે પાકને સંબંધિત કોઈ પણ ઉકેલ શોધવા પહેલાં જમીન તથા પાણીનું મહત્વ સમજવું પડે.

## ૪.૪. સંબંધિત પરિસ્થિતિ અને વિવિધતા

સ્થાનિક પ્રશ્નો માટે પ્રારંભિક પ્રયાસો સ્થાનિક ઉકેલો શોધવા પ્રયત્ન કરે છે. બહારથી આણેલા ઉકેલોનું અહીં પ્રત્યારોપણ કરવાને બદલે જીવનનિર્વાહનો આધાર સ્થાનિક બિયારણ, પશુધન તથા કારીગીરી જેવા પ્રદેશના મજબૂત પાસાઓ પર નભે એવો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. જ્ઞાનની, જીવનશૈલીની તથા શારીરિક મહેનતના મહત્વમાં રહેલી વિવિધતા પ્રત્યે આદર અને આભારની લાગણી પણ છે.

## ૪.૫. આર્થિક વિકાસને બદલે સારું વાતાવરણ

આર્થિક તથા માળખાકીય વિકાસને બદલે સામાજિક સુખ-શાંતિ તથા ન્યાય પર વધુ લક્ષ આપવામાં આવે છે. હાલની જરૂરિયાતો અને અભિલાષાને કારણે વેચાણ-બજાર સાથે સંકલિત હોવા છતાં 'હક્ક સાથે જવાબદારી'ની સાથોસાથ એ બાબતનું પણ મૂલ્ય છે કે આર્થિક વિકાસ ગમે તે ભોગે, ખાસ કરીને પર્યાવરણ તથા સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યોના ભોગે તો ન જ મેળવી શકાય. બન્ની બ્રીડર્સ એસોસિએશનના રમઝાનભાઈ

હાલીપુત્રના વર્ણવ્યા મુજબ 'બીજાનો મહેલ જોઇને આપણું ઝૂંપડું ન તોડાય'.

## ૫. બહોળા સૂચિત અર્થો

આપણી પ્રચલિત જીવનશૈલી, આપણી માંગની પ્રક્રિયા અને આપણા પર્યાવરણ પર તેની પડતી ઊંડી અસર જેવા ગંભીર પ્રશ્નો પરત્વે આપણી સભાનતા આ પ્રયાસોને સાંકળી લેતી કડી છે. આ દ્રષ્ટિએ જોઈએ તો કહી શકાય કે પ્રારંભિક પ્રયાસોએ ઔદ્યોગિકરણ તેમ જ પર્યાવરણ, પાણી અને કચ્છના પારંપરિક વ્યવસાયો અંગેની યોજના પરત્વે પ્રશ્ન ઉઠાવ્યો છે તેમ જ પ્રદેશમાં એ અંગે ચેતના જગાવી છે. એમણે એવું સૂચન કર્યું છે કે સૂકી જમીનને નકામી જમીન તરીકે લેખવાને બદલે પર્યાવરણ-આધારિત તથા નાની-નાની જાતિઓને ટેકો આપી આ સૂકી જમીનમાં જ સમય અને શક્તિ રોકી શકાય તો પૂરતા પ્રમાણમાં નભી શકે એવી આર્થિક પરિસ્થિતિ ઊભી કરી શકાય.

ઔદ્યોગિકરણ, પર્યાવરણ, પાણી અને પારંપરિક વ્યવસાયોને લગતા અભિગમ પરત્વેની સભાનતા વૈકલ્પિક દ્રષ્ટિકોણ પેદા કરી શકશે ? સ્પષ્ટ શબ્દોમાં મૂકવામાં નથી આવ્યું છતાં, ઉપર જણાવ્યાં તે મૂલ્યો પર આધારિત સંસ્કૃતિ, અર્થતંત્ર, રાજકારણ તથા પર્યાવરણને સાંકળી લેતી કડી પરત્વે આદર રાખતા દ્રષ્ટિકોણનો ઉદભવ થઇ રહ્યો હોય એમ લાગે છે. સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક અને પર્યાવરણ વચ્ચેના સંબંધોને પુન: જીવિત કરવા માટે ખેતીવાડી, પશુઉછેર અને ગોપલનની પ્રવૃત્તિઓ વચ્ચેની કડીઓને મજબૂત બનાવાઈ રહી છે. સ્રીઓ, ગોપાલકો, ખેડૂતો તથા કારીગરોનાં સંગઠનો એમના સમાન સાધનોને જાળવવા તથા બચાવવાના પ્રયાસોમાં સાથે મળીને કટિબદ્ધ થયેલા છે. બન્ની બ્રીડર્સ એસોસિએશનના રમઝાનભાઈ હાલીપુત્ર સ્પષ્ટ શબ્દોમાં કહે છે, "અમારો પારંપરિક જીવનનિર્વાહ હાલના ઔદ્યોગિક માળખાની સાથોસાથ ન નભી શકે. ઉદ્યોગોનું આક્રમણ ચાલુ રહેશે તો કશું નહિ બચે. સમય જતાં ભવિષ્યમાં અમારે ગરીબી માટે તૈયારી રાખવી પડશે એવું મારું માનવું છે. એ દુનિયામાં કદાચ પૈસો નહિ હોય પરંતુ શાંતિ હશે."